

# વિશ્વવિહાર

વર્ષ : 25 * અંક : 10 * જુલાઈ 2023 * કિં. ₹ 15



અભિનયની ઝાંખી કરાવતાં

**શ્રી સરિતા જોશી**



કાંતિલાલ મ. શાહના ગૂર્જર પ્રકાશન દ્વારા પુનઃપ્રકાશિત પુસ્તકોના વિમોચન સમારોહનો 'સાહિત્યોત્સવ' કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવો



'કાન્ત'ની પુણ્યશતાબ્દી નિમિત્તે વિશ્વકોશમાં પરિસંવાદનું ઉદ્‌ઘાટન કરતા મહાનુભાવો

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ વતી મુદ્રક, પ્રકાશક અને તંત્રી : કુમારપાળ દેસાઈ, સંપાદક : પ્રીતિ શાહ
પ્રકાશનસ્થળ : ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, ૫૧/૨, રમેશપાર્કની બાજુમાં, બંધુસમાજ સોસાયટી સામે, ઉસ્માનપુરા, અમદાવાદ ૩૮૦ ૦૧૩. ફોન : ૨૭૫૫ ૧૭૦૩, મુદ્રણસ્થળ : અજય ઑફસેટ, સી-૧૨, બંસીધર મિલ કમ્પાઉન્ડ, બારડોલપુરા, દરિયાપુર, અમદાવાદ ૩૮૦ ૦૦૪

◆

email : vishvakoshad1@gmail.com ◆ www.vishwakosh.org

છૂટક કિંમત : ₹ ૧૫/-, વાર્ષિક લવાજમ ₹ ૧૫૦/-, ત્રણ વર્ષનું લવાજમ ₹ ૪૦૦/-

લવાજમ : 'ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ'ના નામે ડ્રાફ્ટ અથવા મ. ઑ.થી જ મોકલવું.

**વિશિષ્ટ સહયોગ : શ્રી સી. કે. મહેતા (દીપક નાઇટ્રેઇટ)**

[અહીં પ્રગટ થતાં લખાણોમાંના વિચાર-અભિપ્રાયની જવાબદારી જે તે લેખકની છે.]

# એવૉર્ડઅર્પણવિધિનો અવિસ્મરણીય કાર્યક્રમ

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ તરફથી પ્રતિ વર્ષ અપાતો 'પદ્મભૂષણ ડૉ. ધીરુભાઈ ઠાકર સવ્યસાચી સારસ્વત ઍવૉર્ડ' આ વર્ષે ગુજરાતી રંગભૂમિનાં સદાબહાર અભિનેત્રી શ્રી સરિતા જોશીને ૨૪ જૂન, શનિવારે અમદાવાદ મૅનેજમેન્ટ ઍસોસિયેશનના જે. બી. ઑડિટોરિયમમાં કલારસિક જનમેદનીની ઉપસ્થિતિમાં અર્પણ કરવામાં આવ્યો. આ ઍવૉર્ડ સ્વીકારતાં એમણે કહ્યું કે, 'ભાષામાં આટલું બધું કામ કરનાર ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ વિશે જાણીને હું ગદ્ગદ થઈ ગઈ છું. તેના દ્વારા આ ઍવૉર્ડ મને મળે છે ત્યારે એક કલાકાર તરીકે હું સંકોચ અનુભવતી હતી, પણ 'પદ્મશ્રી' પછી આ ઍવૉર્ડ મળ્યો તે મારે મન અતિ આનંદ અને ગૌરવાન્વિત થવાનો આ પ્રસંગ છે. આ પુરસ્કારથી મને જે આદર આપવામાં આવ્યો છે તે માટે બધા ટ્રસ્ટીઓનો અને તેની સાથે સંકળાયેલા તમામનો દંડવત્ કરીને આભાર માનું છું. વિશ્વકોશમાં ભાષાનું કામ થઈ રહ્યું છે, ત્યારે હું પણ મરાઠી, ગુજરાતી, હિન્દી, મારવાડી, અંગ્રેજી ભાષા સાથે સંકળાયેલી છું. ભાષા સાથે નાનપણથી નાતો છે. મધ્યવર્તી સ્કૂલમાં પહેલું નાટક કર્યું અને મહારાણી શાંતાદેવીએ પિત્તળનો ડબ્બો ઇનામમાં આપેલો, જે હજી સાચવી રાખ્યો છે. જે સંજોગો હતા તેમાં હું થોડું ઘણું ભણી, પણ આ તખ્તાએ મને શિક્ષણ આપ્યું છે. તખ્તો એ મારું ઘર છે, ત્યાં હું રમી છું, મોટી થઈ છું. મારી યશોદા મા તો ગુજરાતી ભાષા, દેવકી ભલે મરાઠી ભાષા છે. તખ્તો એ મારે માટે રંગદેવતા છે અને પ્રેક્ષક ભગવાન. પ્રેક્ષકોએ મને ખૂબ પ્રેમ આપ્યો છે. આજે આટલી એનર્જી છે એ પ્રેક્ષકો થકી છે.' એ પછી પોતાની રંગભૂમિની યાત્રા વર્ણવતાં એમણે સ્કૂલથી માંડીને અત્યાર સુધીનાં સ્મરણોને અભિનય દ્વારા પ્રસ્તુત કર્યાં. પોતે શાંતા આપ્ટે પાસેથી સ્વરો શીખ્યાં, પ્રવીણ જોશીની પદ્ધતિ અને સ્ટાઇલના રંગે રંગાયાં તેની વાત સાથે એમણે અશરફ ખાન, ક. મા. મુનશીનાં નાટકો, આઈ.એન.ટી.ના 'સપ્તપદી', 'કુમારની અગાશી', 'વૈશાખી કોયલ', 'લેડી લાલકુંવર' તેમજ 'સંતુ રંગીલી'ના કેટલાક અંશો પ્રસ્તુત કર્યા. સુરેશ દલાલની દીર્ઘ કાવ્યરચના રજૂ કરી. તારક મહેતા, પદ્મારાણી, પ્રવીણ જોશી, મધુ રાય, સિતાંશુ મહેતા વગેરે સાથેનાં સંસ્મરણોને વાગોળ્યાં. સરિતાબહેનની એક કલાક સુધી ચાલેલી એમની આ પ્રસ્તુતિથી તેમજ એની તખ્તા પર ભજવણી કરીને સહુ દર્શકોને મંત્રમુગ્ધ કરી દીધા હતા.

સ્વાગતપ્રવચન કરતાં શ્રી નીતિનભાઈ શુક્લે ઉત્સવમૂર્તિ નટસમ્રાજ્ઞી સરિતા જોશીને સત્કારતાં આનંદ અને રોમાંચ પ્રગટ કર્યા. મહાભારતનો અર્જુન બંને હાથે તીરંદાજી કરી શકતો તેથી સવ્યસાચી કહેવાયો. ગુજરાતી વિશ્વકોશના મહાન સ્વપ્નને અન્ય વિદ્વાનોના સહકારથી સાકાર કરનાર પદ્મભૂષણ ધીરુભાઈ ઠાકરનું ઉપનામ પણ

'સવ્યસાચી' છે. ઉત્તમ અધ્યાપક, સંશોધક, વિવેચક, ચરિત્રકાર, નિબંધકાર, અનુવાદક, સંપાદક, સૂચિકાર ઉપરાંત શ્રી ધીરુભાઈ ઠાકર નાટ્યકાર અને નાટ્યકર્મી પણ હતા. ૧૭ વરસની ઉંમરે ૧૯૩૫માં ધીરુભાઈ ગુજરાત કૉલેજમાં ભણતા ત્યારે ચં. ચી. મહેતા દિગ્દર્શિત 'આગગાડી' નાટકમાં જોન્સની ભૂમિકા ભજવેલી. ૧૯૪૦માં કવિવર રવીન્દ્રનાથ ટાગોરના 'તાસેર દેશ'નો બાવીસ વર્ષના ધીરુભાઈએ અનુવાદ કર્યો અને તે 'લાલનો ગુલામ' નાટક મુંબઈના રૉયલ ઑપેરા હાઉસમાં ભજવાયું. ધીરુભાઈ એ સમયે ચિલ્ડ્રન્સ એકૅડેમી, મુંબઈના ગુજરાતી વિભાગના વડા અને મૅટ્રિકના વર્ગશિક્ષક હતા. ૧૯૪૩-૪૪માં તેમણે ગુજરાત કૉલેજમાં 'નાટ્યસંગીત મંડળી' અને 'રૂપકસંઘ' અમદાવાદની સ્થાપનામાં સક્રિય રસ લીધો. કવિ ન્હાનાલાલના 'જયાજયંત' નાટકમાં અભિનય અને દિગ્દર્શન પણ કર્યું. ૧૯૫૫માં સિમલા ખાતે યોજાયેલી એક માસની શિબિરમાં 'જુલિયસ સિઝર' ભજવાયું, તેમાં સિઝરની ભૂમિકા કરેલી. યુનિવર્સિટી કક્ષાએ નાટ્ય તાલીમ શિબિરોનાં આયોજન કર્યાં. મોડાસા કૉલેજને નાટ્યપ્રવૃત્તિથી ધમધમતી કરી. 'ઊંચો પર્વત અને ઊંડી ખીણ' તથા 'બે બાળનાટકો' તેમનાં નાટ્યપ્રકાશનો છે. શ્રી ધીરુભાઈ ઠાકરના સમૃદ્ધ જીવનનાં વિવિધ પાસાંઓને આવરી લેતું એક જીવનકથા જેવું પુસ્તક થવું જોઈએ તે અંગે કરાયેલા આયોજનની વાત કરી.

વિશ્વકોશના ટ્રસ્ટી શ્રી પી. કે. લહેરીએ જણાવ્યું કે સરિતાબહેન જોશી કોઈ વિશેષણનાં મોહતાજ નથી, એમનું નામ ઘણાં વિશેષણોથી વિશેષ છે. એમના અભિનયનાં અજવાળાંએ સમગ્ર કલાજગતને કાયમ માટે દેદીપ્યમાન કર્યું છે. આજથી

## અનુક્રમ


| | | |
|---|---|---|
| ઍવૉર્ડઅર્પણવિધિનો અવિસ્મરણીય કાર્યક્રમ | ૩ | અશ્વિન આણદાણી |
| જાતીય શોષણનું વધતું દૂષણ | ૭ | પ્રવીણ ક. લહેરી |
| ક્લાઉડ કમ્પ્યૂટિંગ | ૧૦ | ચિંતન ભટ્ટ |
| કોઈક દિવસ એવો પણ ઊગે..... | ૧૩ | રતિલાલ બોરીસાગર |
| મંગળ પર જ્વાળામુખી | ૧૭ | કિશોર પંડ્યા |
| કનિકાની આકાશી સિદ્ધિ | ૨૧ | પ્રીતિ શાહ |
| માઈક્રોસૉફ્ટ-ગૂગલની સ્પર્ધા વચ્ચે વૉટ્સએપમાં નવાં ફીચર્સ | ૨૩ | હર્ષ મેસવાણિયા |
| અસ્મિતા વિશેષ સંવાદ | ૨૭ | ભદ્રાયુ વછરાજાની |
| કવિ કાન્ત પુણ્યશતાબ્દી પરિસંવાદ | ૩૧ | – |
| વિશ્વકોશવૃત્ત | ૩૨ | – |

બરાબર ૪૧ વરસ પહેલાં ગુજરાતી ચલચિત્રની સુવર્ણજયંતી, તત્કાલીન મુખ્યમંત્રી શ્રી માધવસિંહ સોલંકીએ તમામ કલાકારોને ભારતનાં મહત્ત્વનાં શહેરોમાં બોલાવીને, ત્યાં એક એક અઠવાડિયા સુધીનો મહોત્સવ કરીને યાદગાર રીતે ઊજવેલી. એ પ્રસંગે પણ જયાં જયાં સરિતાબહેન આવી શક્યાં ત્યાં અમે જોયેલું કે સમગ્ર ગુજરાતીભાષી પ્રજા માટે કલાગજતમાં નાટ્યક્ષેત્રનું જો કોઈ નામ હોય તો એ સરિતાબહેન જોશીનું નામ છે. આજે ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટને એ વાતનો આનંદ છે કે દર વરસે આ ઍવૉર્ડ માટે જેમની પસંદગી થાય છે તેવા પદ્મભૂષણ ડૉ. ધીરુભાઈ ઠાકર જેવા વિદ્વાન વ્યક્તિના નામે અપાતા ઍવૉર્ડનું ગૌરવ વધતું જાય છે. આજે જયારે સરિતાબહેન જોશીને આ ઍવૉર્ડ અર્પણ થાય છે ત્યારે ફરી આ ઍવૉર્ડની મહત્તા અને તેની ગરિમામાં વધારો થયો છે.

ધીરુભાઈ ઠાકરનો પરિચય મને મોડાસા કૉલેજથી થયેલો નિવૃત્તિનાં દસેક વર્ષ બાદ એમણે એક વખત આવીને વાત કરી કે લહેરીસાહેબ, બંગાળીમાં અને તમિલમાં વિશ્વકોશ છે પણ આપણી ગુજરાતીમાં નથી. એ સમયે એનસાઇક્લોપીડિયા બ્રિટાનિકાનો જમાનો હતો. કોઈની લાઇબ્રેરીમાં એ હોય તો એ મોભાનું સ્થાન ગણાતું. એ સમયે એમણે વિશ્વકોશનું કામ હાથમાં લીધું અને એમના દીર્ઘ જીવનમાં આ કાર્ય સુપેરે પાર પાડ્યું તેના આપણે સૌ સાક્ષી છીએ. શ્રી પ્રકાશભાઈ ભગવતી અને એમના ભગવતી પરિવારમાં અનેક રત્નો છે એમ કહી 'પરિચય પુસ્તિકા'નું પુનઃ પ્રકાશન કરવાનું બીડું ઝડપી બે વરસ સુધીનો તમામ ખર્ચ ઉપાડી લેવા બદલ એમની સાહિત્યપ્રીતિને બિરદાવી.

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના રાહબર અને એની વિસ્તરતી પ્રવૃત્તિઓના શિલ્પી પદ્મશ્રી કુમારપાળ દેસાઈએ વિશ્વકોશની વિવિધ પ્રવૃત્તિઓ વિશે વાત કરતાં કહ્યું કે બંગાળીમાં, ઊડિયામાં અને હિન્દીમાં વિશ્વકોશ ઉપલબ્ધ હતા ત્યારે ૬૭મા વર્ષે શ્રી ધીરુભાઈ ઠાકરે ગુજરાતી ભાષાને પોતાનો વિશ્વકોશ હોવો જોઈએ એવા દૃઢ નિર્ધાર સાથે એક નાનકડા રસોડા જેવા રૂમમાં ૧૯૮૫ની બીજી ડિસેમ્બરે વિશ્વકોશના શ્રીગણેશ કર્યા. આજે વિશ્વકોશના ૨૬ ભાગમાં ૧૭૦ જેટલા વિષયો, ૨૬,૦૦૦ પૃષ્ઠો, ૨૪૦૦૦થી વધુ લેખો અને પોણા બે કરોડથી પણ વધુ શબ્દો છે. જેને બિરદાવતાં શ્રી નરેન્દ્ર મોદીએ કહેલું કે, 'વિશ્વકોશ એ ગ્રંથ નથી પણ ભવિષ્યના ભારતના નિર્માણનો ભવ્ય પુરુષાર્થ છે' તો વિશ્વવંદ્ય શ્રી મોરારિબાપુએ 'જ્ઞાનઋષિઓ દ્વારા ચાલતો નિરંતર યજ્ઞ' કહી નવાજ્યો. વિશ્વકોશના વડમાંથી વડવાઈઓ ફૂટે તેમ સચિત્ર બાળવિશ્વકોશનું શ્રી ચંદ્રકાન્ત શેઠના સંપાદન સાથે દસ ભાગમાં સર્જન થયું. આ બાળવિશ્વકોશમાં શ્રી ગિજુભાઈ બધેકાની કલ્પના મુજબ અને બાળકો હોંશે હોંશે વાંચે એવા દસ ખંડ, ૨૩૫૦ લેખ અને ૬૧૭૬ ચિત્રો છે. આજે આ બાળવિશ્વકોશ છેક છેવાડાની શાળાઓ સુધી પહોંચ્યો છે અને ગામડામાં વસતો બાળક પોતાની માતૃભાષામાં વિશ્વનું જ્ઞાન પ્રાપ્ત કરી શકે છે. એ પછી તો કોશની શ્રેણી ચાલી - ગુજરાતના સ્વાતંત્ર્યસૈનિકોનો માહિતીકોશ, પરિભાષાકોશ, બૃહદ નાટ્યકોશ,

નારીકોશ, સંતકોશ અને ગ્રંથાલયવિજ્ઞાનકોશ. સમગ્ર વિશ્વની ગતિવિધિની ઓળખ આપતું એનું મુખપત્ર 'વિશ્વવિહાર' પ્રકાશિત થયું અને એનું શ્રાવ્ય સ્વરૂપ પણ પ્રાપ્ત થયું. અમેરિકા અને ઇંગ્લૅન્ડમાં વસતા ગુજરાતી લેખકોની કૃતિઓને વધાવતું 'ગુર્જરી ડાયજેસ્ટ' અને એ પછી આપણાં સમર્થ લેખિકા શ્રી ધીરુબહેન પટેલની કલ્પનાને સાકાર કરતું 'વિશ્વા' સામયિક મે, ૨૦૨૩થી શરૂ થયું છે, જેમાં માત્ર સ્ત્રીસર્જકોનાં સર્જનો પ્રગટ કરવામાં આવે છે. વિશ્વકોશની દસ જેટલી વ્યાખ્યાનશ્રેણીઓમાં ૭૦૦થી વધુ વ્યાખ્યાન થયાં. ૧૫૦ પૃષ્ઠ ધરાવતી એની ગ્રંથશ્રેણીમાં સાહિત્ય, શિલ્પસ્થાપત્ય, અર્થશાસ્ત્ર, સંશોધન, વિજ્ઞાન, ટૅક્નૉલૉજી, ગણિત અને ભૂગોળ જેવા વિષયનાં ૧૧૧ પુસ્તકો પ્રકાશિત થયાં. ૪૦ વર્ષથી ઉપરની સુશિક્ષિત નારીશક્તિનું સંવર્ધન કરવા માટે 'વિશ્વા' અને હસ્તપ્રતવિદ્યા, રોબૉટિક્સ, પ્રૂફવાંચન અને સર્જનાત્મક લેખનશિબિરોનું આયોજન થયું છે. વિશ્વકોશના ૨૬ ગ્રંથો આજે ઑનલાઇન ઉપલબ્ધ હોવાથી આંગળીના ટેરવે દેશવિદેશના ૩ લાખથી વધુ લોકો એનો ઉપયોગ કરે છે. એ જ રીતે ૨૫ વર્ષના પ્રયત્નો બાદ તૈયાર થયેલો ૪૫ લાખ શબ્દો ધરાવતો ગુજરાતી ભાષાનો સર્વપ્રથમ ઑનલાઇન શબ્દકોશ 'ગુજરાતી લૅક્સિકન' પણ વિશ્વકોશ દ્વારા કાર્યરત છે. જેની આજ સુધીમાં ૪ કરોડ અને ૮૦ લાખથી વધુ લોકોએ મુલાકાત લીધી છે. હવે વિશ્વકોશ નિકટ ભવિષ્યમાં 'ડાયસ્પોરા ગુજરાતી લિટરેચર સ્ટડી સેન્ટર' દ્વારા વિદેશમાં વસતા ગુજરાતી સર્જકોની કૃતિઓનો સંગ્રહ કરશે અને અહીં એ કૃતિ પર સંશોધન કરનારને શિષ્યવૃત્તિ આપશે. અત્યારના હયાત મકાનની બાજુમાં એક નવું વિશાળ ભવન છે ત્યાં વિવિધ કેન્દ્રો શરૂ થશે અને ગુજરાતી ભાષા અને સતત વિકસતી ટૅક્નૉલૉજીનો અનુબંધ રચાશે. આવાં અનેક આયોજન વિશ્વકોશ ખાતે ગતિમાન છે ત્યારે અમારો એક જ આદર્શ છે : 'ગિરા ગુર્જરી બને વિશ્વ ગુર્જરી' અને અમારી પ્રેરણા છે :

'આશા છે, ઉત્સાહ છે, ઉમંગ છે અને ઉદ્યોગ છે
તો શું છે અજિત આ અવનિનું.'

ટીવી, ફિલ્મ અને નાટકનાં જાણીતાં કલાકાર શ્રી દીપ્તિબહેન જોશીએ ઍવૉર્ડવિજેતા પદ્મશ્રી સરિતા જોશીનો થોડો વિગતે પરિચય કરાવ્યો. દીપક ફાઉન્ડેશનનાં શ્રી ઇલાબહેન મહેતાએ એમનું અભિવાદન કર્યું. શ્રી સુભાષ બ્રહ્મભટ્ટે ખૂબ જહેમત ઉઠાવીને સરિતા જોશી વિશે માહિતીપૂર્ણ બ્રોશર તૈયાર કર્યું હતું. પ્રારંભમાં શ્રી અલ્પા શાહે વિશ્વકોશ ગાન અને જૂની રંગભૂમિની યાદગાર રચના 'સાંભરે રે બાળપણનાં સંભારણાં' પ્રસ્તુત કરી એક સરસ માહોલ જમાવ્યો હતો. કાર્યક્રમની આભારવિધિ શ્રી પ્રીતિબહેન શાહે કરી અને સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રા. અશ્વિન આણદાણીએ કર્યું. ઉપસ્થિત પ્રેક્ષકોએ કરતલધ્વનિથી આ ઍવૉર્ડઅર્પણવિધિની ક્ષણોને શાશ્વત બનાવી. આમ સમગ્ર રીતે આ 'ઍવૉર્ડ અર્પણ સમારોહ' વિશ્વકોશ માટે યાદગાર અવસર બની રહ્યો.

**– અશ્વિન આણદાણી**

# જાતીય શોષણનું વધતું દૂષણ

કુદરતે સ્ત્રી-પુરુષ વચ્ચે વિજાતીય આકર્ષણની પ્રબળ વૃત્તિ જોડી છે. જીવનનો પ્રવાહ આગળ વધારવા માટે આ સહજ જરૂરિયાત છે. કમનસીબે મનુષ્ય સહિત અનેક પશુ-પંખી યોનિમાં સ્ત્રીની શારીરિક રચના તેના માટે સમસ્યાનું કારણ બને છે. જનસમાજમાં પુરુષની છાપ મર્દાનગી, સાહસિક અને હિંમતવાનની છે. મહિલા શાંત, ધૈર્યવાન અને આજ્ઞાંકિત હોય તેવી અપેક્ષાઓ છે. આના કારણે હજારો વર્ષથી મહિલાઓ અનેક દુઃખો, યાતનાઓ અને અન્યાયનો શિકાર થતી રહી છે. સીતાની અગ્નિપરીક્ષા લેવાય છે, દ્રૌપદીનું ચીરહરણ થાય છે. ભરીસભામાં તેને વાળથી ઢસડીને અપમાનિત કરાય છે. આ સમયે ભીષ્મ-દ્રોણ જેવા વડીલો મૌન ધારણ કરે છે. અનેક વાર્તાઓ અને આત્મકથામાં સ્ત્રીની વ્યથા ઉજાગર થાય છે. દુનિયાના થોડા દેશો સિવાય સ્ત્રીના જાતીય શોષણની ઘટનાઓ ચાલતી રહે છે. ન તો શિક્ષણ, ન તો ધર્મ, ન તો સમાજ સ્ત્રીના સ્વમાનની રક્ષા કરે છે. થોડા સમય પહેલાં એક મહિલાએ હિંમત કરીને પોતાની આપવીતીની વાત નિખાલસ રીતે રજૂ કરી. જોતજોતામાં સોશિયલ મીડિયામાં લાખો સ્ત્રીઓએ 'મી ટૂ'(મારા પર પણ)ના શીર્ષક હેઠળ તેમના દુઃખદ અનુભવો ઉજાગર કર્યા. વિશ્વમાં થોડા સમય માટે આ પ્રશ્નની ગંભીરતા સમજાઈ પણ ધીમે ધીમે ફરી 'વોહી રફતાર બેઢંગી' જેમ ચાલી રહ્યું છે.

તાજેતરમાં અખિલ ભારતીય કુસ્તી સંઘના પ્રમુખ સામે દેશને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે ગૌરવ અપાવનાર મહિલા પહેલવાનોએ જાતીય સતામણી અને શોષણના ગંભીર આક્ષેપો કર્યા. આ અંગેની ફરિયાદ નોંધાવવા માટે પણ કોર્ટનાં દ્વાર ખખડાવવાં પડે તે કેવું શરમજનક કહેવાય ! હજી આ આક્ષેપોની તપાસ શરૂ થઈ છે. વિવિધ રમતોમાં મહિલા ખેલાડીઓની તાલીમ માટે પુરુષ કોચ હોય છે. પુરુષ કોચ જ સારી તાલીમ આપી શકે તેવું રમતનાં મંડળો અને સરકાર માની લે છે. આવા પુરુષ કોચ સામે સમયસર દાખલારૂપ કાર્યવાહી થવાને બદલે તેમને છાવરવાના અગણિત કિસ્સાઓ છે. ૧૯૮૧થી ૧૯૮૪ દરમિયાન શિક્ષણવિભાગમાં રમતગમતના સંયુક્ત સચિવ તરીકે મેં જવાબદારી સંભાળી, ત્યારે અમુક પુરુષ કોચ દ્વારા થતી સતામણીની ફરિયાદો આવતી હતી. યુવા મહિલા ખેલાડી અને તેમનાં માતા-પિતા બદનામી થશે તેવા ડરથી ફોજદારી ફરિયાદ કરતાં નહોતાં અને ન તો ખાતાકીય તપાસ માટે લેખિત ફરિયાદ કરવા ઇચ્છતાં હતાં. અંતે આવા કોચને વ્યક્તિગત બોલાવી ચેતવણી આપ્યા બાદ સ્થિતિમાં આંશિક સુધારો આવ્યો હતો.

આપણે શાસ્ત્રો અને પુરાણોનો હવાલો આપીને સ્ત્રીઓનું મહિલામંડન કરતા શ્લોકો બોલી ગૌરવ અનુભવીએ છીએ. આ સમયે આપણે આજની વાસ્તવિકતા અને

મુશ્કેલીઓ સાવ નજરઅંદાજ કરીએ છીએ. જ્યાં જ્યાં સ્ત્રી-પુરુષોએ સાથે કામ કરવાનું થાય છે, ત્યાં સ્ત્રી જાતીય શોષણનો ભોગ ન બને તેવી ચુસ્ત વ્યવસ્થા હોવી જ જોઈએ. આપણા દેશમાં બળાત્કાર અને જાતીય સતામણી રોકવા માટે ભારતીય ફોજદારી ધારામાં ખૂબ મહત્ત્વના ફેરફારો કરવામાં આવ્યા છે. નિર્ભયાની નિર્મમ હત્યા બાદ રચાયેલી ઉચ્ચાધિકારી સમિતિની ભલામણો સ્વીકારી કાયદાઓ કડક કર્યા છે. કમનસીબી એ વાતની છે કે આપણા દેશમાં બળાત્કાર અને જાતીય સતામણીના કેસોમાં વધારો થતો હોય તે રીતે અનેક સમાચારો પ્રસિદ્ધ થતા રહે છે. પ્રેમી દ્વારા પ્રેમિકાની ક્રૂર હત્યા બાદ એનાં અંગો વિચ્છેદ કરી નાખવામાં આવે છે. મહિલાના મૃતદેહનો મલાજો પણ જળવાતો નથી ત્યારે આપણું મસ્તક શરમથી ઝૂકી જાય છે. પુરુષોના મનમાં પ્રેમ નથી, પણ વાસના જ છે. તે માપવાનું કોઈ યંત્ર નથી કે મહિલા તેના દ્વારા પોતાની સુરક્ષા નિશ્ચિત કરી શકે. આવે પ્રસંગે મહિલાઓ કેમ ભોળવાઈ જાય છે તે પ્રશ્ન પૂછવા કરતાં પુરુષોમાં આવી પાશવી વિકૃતિઓ કેમ આવી છે તે સાચો સવાલ છે. મહિલાઓની સમાનતા, સ્વતંત્રતા, સુરક્ષા અને સ્વમાન માટે જો આપણે યોગ્ય વાતાવરણનું નિર્માણ ન કરી શકીએ, તો તે એકવીસમી સદીની સૌથી કરુણ ઘટના હશે. સવિશેષ ચિંતાની બાબત તો એ છે કે કન્યા કે યુવા મહિલા પોતાના પરિવારમાં પણ જાતીય સતામણી મુદ્દે સુરક્ષિત નથી.

બાળકીથી માંડીને યુવતી/મહિલા હોય તે જીવનના કોઈ તબક્કે સુરક્ષિત નથી. સ્ત્રી સામેના ગુનાઓમાં બળાત્કાર, અપહરણ, દહેજ, ક્રૂર યાતના, છેડતી, સતામણી અને હત્યા સહિત અનેક અપકૃત્યો સામેલ છે. ઘરેલુ હિંસાના પાયામાં પુરુષ પોતાને પરિવારનો ‘ધણી’-માલિક માને છે. તેને અણગમતી વાત કરનાર પરિવારના સભ્યને મારપીટ કરવાનો અબાધિત હક્ક હોય તેવું વર્તન ઘરેલુ હિંસા માટે કારણભૂત છે. સ્ત્રી એ એક વ્યક્તિ છે, તેને જીવન જીવવામાં સ્વતંત્રતા હોવી જોઈએ તે વાતનો જ્યાં સુધી સમાજમાં સ્વીકાર નહીં થાય ત્યાં સુધી લિંગભેદની સમસ્યાનો ઉકેલ આવશે નહીં. સ્ત્રીના અસ્તિત્વનો અર્થ દાસી તો નથી જ. જીવનસાથી હોય, બહેન હોય, પુત્રી હોય, માતા હોય કે મિત્ર હોય, પુરુષે સ્ત્રીના વ્યક્તિત્વનો બિનશરતી સ્વીકાર કરવો જ રહ્યો. જાતીય સતામણીમાં કુદરતી વિજાતીય આકર્ષણ કરતાં પુરુષની ગુરુતાગ્રંથિ જવાબદાર છે. સ્ત્રીની સહમતી જરૂરી નથી એમ કોઈ કહે ત્યારે તે સ્ત્રીના અસ્તિત્વ અને વ્યક્તિત્વનો ઈન્કાર કરે છે. આપણા રાજ્યબંધારણે બક્ષેલા મૂળભૂત અધિકારોનો અસ્વીકાર કરે છે. બંધારણના ૭૩ વર્ષ બાદ સમાજમાં સ્ત્રીની જે સ્થિતિ છે, તે આપણા અધકચરા પ્રયત્નોનો પુરાવો છે.

એક સર્વે મુજબ ભારતમાં ૮૦ ટકા સ્ત્રીઓ ક્યારેક ને ક્યારેક તો જાતીય સતામણીનો અનુભવ કરે છે. ૪૫ ટકા મહિલાઓ હિંસાનો ભોગ બને છે. આમાંથી એક ટકા જેટલી સ્ત્રીઓ જ ફરિયાદ નોંધાવે છે. દેશમાં દર વર્ષે ૩૫થી ૪૦ હજાર બળાત્કારના કિસ્સા

નોંધાય છે. સ્ત્રી માટે જાહેર પરિવહન, કચેરીઓ, રસ્તાઓ અને શૈક્ષણિક સંસ્થાઓ પણ જાતીય સતામણીના દૂષણથી મુક્ત નથી. એક બાજુ સ્ત્રીસશક્તીકરણની વાતો થાય છે, જ્યારે બીજી બાજુ મહિલાઓ સલામતીના મુદ્દે સતત તણાવયુક્ત સ્થિતિમાં રહે છે. અનેક સંસ્થાઓ યુવતીઓને જાતીય સતામણીથી બચવા સ્વરક્ષણની તાલીમ આપે છે. આ જરૂરી છે પણ પુરુષની માનસિકતાનું પરિવર્તન પણ તેટલું જ જરૂરી છે.

સ્ત્રીની ભ્રૂણ-હત્યાથી શરૂ થતો સિલસિલો આગળ વધીને પ્રેમી-પતિના હાથે થતી હત્યાઓએ આપણને ચિંતામાં મૂક્યા છે. શું આપણે આ સમસ્યા અંગે જાગૃત છીએ ? શું ખરેખર આ બાબતમાં ગંભીર છીએ ? શું આપણે માનસિકતા બદલવા તૈયાર છીએ ? દુર્ભાગ્યે આ પ્રશ્નોના ઉત્તર નકારમાં છે.

જાતીય સતામણી અને શોષણ રોકવા માટે, મહિલાઓ સામેના ગુના ઘટાડવા આપણા દેશમાં એક સર્વસંમત, સર્વગ્રાહી વ્યૂહરચના આવશ્યક છે. સૌથી પ્રથમ પરિવાર એટલે પ્રેમ અને કાળજી, સુરક્ષા અને સુખ એવો માહોલ ન હોય તો આપણી સમસ્યા ઘટવાને બદલે વધશે. શિક્ષણમાં યુવાન-યુવતી વચ્ચેના સંવાદો અને સંપર્કો પુખ્ત બને અને એકમેકની સ્વતંત્રતા-સમાનતા સ્વીકારે તો સૌનું ભવિષ્ય ઉજ્જ્વળ બને.

જાતીય સતામણી અંગે દરેક મોટી ઑફિસોમાં અલગ સ્વતંત્ર સમિતિ રચવાની જોગવાઈ છે. ક્યાંક ક્યાંક આ સમિતિઓની વ્યવસ્થાએ હલકી માનસિકતા પર અંકુશ મૂક્યો છે. મહિલા સામેના ગુનાઓમાં કેસો ચલાવવા અલગ કોર્ટની રચના પણ થઈ છે. હવે જરૂરિયાત છે જનજાગૃતિની, લોકશિક્ષણની અને મહિલાઓમાં સલામતીની ભાવના સુદૃઢ બને તેવાં અસરકારક પગલાંઓની.

સ્ત્રીને અબળા ન માનતાં અને તેને એક જણસ (વસ્તુ) રૂપે ન ગણતાં તથા તેની શક્તિઓનું અવમૂલ્યન ન કરતાં આપણે સૌએ એક નૂતન અભિગમ અપનાવવાની જરૂર છે. પરિવાર હોય કે શાળા, ઑફિસ હોય કે જાહેર ટ્રાન્સપૉર્ટ, દિવસ હોય કે રાત્રી, દરેક જગ્યાએ, દરેક સમયે મહિલા સ્વમાનપૂર્વક સ્વતંત્ર રહી શકે તે જરૂરી છે. એના શરીરની સલામતીની ચિંતા કર્યા વિના તેની ક્ષમતા ઉજાગર કરી શકે અને મા, પત્ની, પુત્રી, બહેનના સંબંધો બાધારૂપ ન બનતાં તેના સશક્તીકરણનું માધ્યમ બને તેવી આશા રાખવી વધારે પડતી નથી.

આજે સોશિયલ મીડિયા, ચલચિત્રો, ટી.વી.ના કાર્યક્રમોમાં મહિલા પ્રતિના પૂર્વગ્રહો દૃષ્ટિગોચર થાય છે. 'સ્ત્રીની બુદ્ધિ પગની પાનીએ' એવી કહેવત સમાજે શા માટે સ્વીકારી છે ? આશાનું કિરણ એ છે કે યુ.પી.એસ.સી.(યુનિયન પબ્લિક સર્વિસ કમિશન)ની ૨૦૨૨-૨૦૨૩ની આઈએએસ વગેરેની સ્પર્ધાત્મક પરીક્ષાના પરિણામમાં પ્રથમ ચારેય સ્થાનો પર મહિલાઓ છે. સ્ત્રીની જાતીય સતામણી રોકવા માટે સરકાર અને સમાજ સક્રિય થાય તે સમયનો તકાજો છે.

**પ્રવીણ ક. લહેરી**

# ક્લાઉડ કમ્પ્યૂટિંગ

ક્લાઉડ એટલે વાદળ પણ કમ્પ્યૂટર સંદર્ભે ક્લાઉડ એટલે વાદળ નહીં. આપણે જાણીએ છીએ કે એક કમ્પ્યૂટર પ્રણાલીની રચના કરવી હોય તો ઘણા બધા ઘટકો જેવા કે સર્વર, સ્ટોરેજ, ડેટાબેઝ, નેટવર્કિંગ અને સૉફ્ટવૅરની જરૂર પડે છે. આ બધા ઘટકોની સારસંભાળ રાખવી પડે છે અને જરૂરિયાત મુજબ તેની ક્ષમતા વધારવી પડે છે પરંતુ આ બધા જ ઘટકો આપણી જરૂરિયાત મુજબ ઉપલબ્ધ થાય તો? તેની ક્ષમતા પણ બદલી શકીએ તો ? હા, આ માટે કદાચ થોડું ભાડું ચૂકવવું પડે પણ બાકી ઝંઝટમાંથી તો મુક્તિ મળી જાય ને ! અલબત્ત, આ ભાડું પણ જેટલો સમય અથવા તો જેટલી માત્રામાં ઘટકોનો ઉપયોગ કરીએ તે મુજબ જ ચૂકવીએ! આ શક્ય બને છે ઇન્ટરનેટના માધ્યમથી. જ્યારે કમ્પ્યૂટર સંબંધિત બધી સેવાઓ માટે જરૂરી બધા જ ઘટકો ઇન્ટરનેટ દ્વારા પ્રાપ્ત થતા હોય, ઇન્ટરનેટ દ્વારા ઘટકો સુધી પહોંચી શકાતું હોય ત્યારે એ કમ્પ્યૂટરપ્રણાલી 'ક્લાઉડ કમ્પ્યૂટિંગ' તરીકે ઓળખાય છે. આ પદ્ધતિ કિફાયતી તો છે જ; સાથે સાથે જરૂર પડે ત્યારે જરૂરિયાત મુજબ તેને પરિવર્તિત કરી શકાય છે.

કોઈ પણ કંપની પોતાનું માળખું ઊભું કરવાને બદલે તેમજ પોતાનું ડેટા સેન્ટર રાખવાને બદલે ઍપ્લિકેશનથી લઈને સ્ટોરેજ સુધીનું કોઈ પણ ઘટક ક્લાઉડ સેવાઓ પ્રદાન કરતી એજન્સી પાસેથી ભાડે લઈ શકે છે. આને લીધે કંપનીને પોતાનું IT ઇન્ફ્રાસ્ટ્રક્ચર ઊભું કરવું પડતું નથી, તેની જટિલતા ટાળી શકાય છે. જ્યારે આ ઘટકો ભાડે લઈ તેનો ઉપયોગ કરવામાં આવે છે ત્યારે તેનો જે અને જેટલો ઉપયોગ કરવામાં આવ્યો હોય તે મુજબ જ ચુકવણી કરવાની હોય છે. સાથે સાથે ક્લાઉડ કમ્પ્યૂટિંગ સેવાઓના પ્રદાતાઓ વિશાળ ગ્રાહકવર્ગને લગભગ સમાન સેવાઓ આપીને પોતે પણ નોંધપાત્ર આર્થિક લાભ મેળવી શકે છે. સ્ટોરેજ, નેટવર્કિંગ અને પ્રોસેસિંગ પાવર જેવી મૂળભૂત સેવાઓથી આગળ વધીને ક્લાઉડ-કમ્પ્યૂટિંગ હવે નેચરલ લૅન્ગ્વેજ પ્રોસેસિંગ, આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ તેમજ સ્ટાન્ડર્ડ ઑફિસ ઍપ્લિકેશન્સ સુધીના વિકલ્પોની વિશાળ શ્રેણીને આવરી લે છે. કમ્પ્યૂટર સાથે શારીરિક રીતે નજીક હોવાની જરૂર ન હોય તેવી કોઈ પણ કમ્પ્યૂટર સેવાને ક્લાઉડ દ્વારા વિતરિત કરી શકાય છે.

કમ્પ્યૂટર અને સ્માર્ટફોન વાપરતા લગભગ બધા જ લોકો ક્લાઉડ સેવાઓનો ઉપયોગ કરે છે તેમ કહીએ તો તેમાં જરાય અતિશયોક્તિ નથી. ઘણી બધી સેવાઓ ક્લાઉડ કમ્પ્યૂટિંગનો આધાર લે છે. તેમાં જી-મેલ સેવાનો પણ સમાવેશ થઈ જાય છે. તો, વળી સ્માર્ટફોન પરથી ફોટાઓનું બૅક-અપ પણ 'ક્લાઉડ' પર થાય છે. અરે! કેટલાક મોટા ઉદ્યોગો પોતાના બધા જ ડેટાસંગ્રહ માટે તેમજ બધી જ ઍપ્લિકેશન ચલાવવા માટે ક્લાઉડ પર આધાર રાખે છે. ઉદાહરણ તરીકે નેટફ્લિક્સ (Netflix) પોતાના વીડિયો સ્ટ્રીમિંગ માટે તેમજ અન્ય કેટલીક સેવાઓ માટે ક્લાઉડને શરણે જાય છે. આપણો અનુભવ છે કે સ્માર્ટફોન કે કમ્પ્યૂટરની ઘણી ઍપ્લિકેશન ઇન્ટરનેટ વગર ચાલતી નથી.

જેમ દિવસો જાય છે તેમ ઇન્ટરનેટ આધારિત ઍપ્લિકેશનની સંખ્યા વધતી જાય છે. અલબત્ત, ક્લાઉડ કમ્પ્યૂટિંગની બીજી બાજુ નજર કરીએ તો તેના ઉપયોગને લીધે ભવિષ્યમાં વધારાનો આર્થિક બોજો પડી શકે છે અને નવા જ પ્રકારનાં જોખમો ઊભાં થવાની શક્યતા વધી જાય છે.

'ક્લાઉડ કમ્પ્યૂટિંગ'ના મૂળભૂત ખ્યાલ મુજબ જ્યાં સિસ્ટમ ચાલે છે તે સ્થળ ઉપરાંત જે હાર્ડવેર અથવા તો ઑપરેટિંગ સિસ્ટમ પર તે ચાલે છે એ મહદ્અંશે ઉપયોગકર્તા માટે અપ્રસ્તુત બની જાય છે. આ વાતને ધ્યાનમાં રાખીને ક્લાઉડનું રૂપક જૂની ટેલિકોમ પદ્ધતિમાંથી અપનાવવામાં આવ્યું છે. સાર્વજનિક ટેલિકોમ નેટવર્કને અને પછી તો ઇન્ટરનેટને પણ ઘણી વખત 'ક્લાઉડ' કહેવામાં આવતું હતું. તે મુજબ સ્થળ કોઈ મહત્ત્વનું નથી. આ તો છે સાધનોનું ક્લાઉડ - એટલે કે સાધનોનો સમૂહ. અલબત્ત, આ થયું સરળ પરિભાષામાં 'ક્લાઉડ'નું વર્ણન. જોકે કેટલાક ઉપભોક્તાઓ માટે તેમની સેવાઓ અને ડેટાનું સ્થાન પણ મુખ્ય મુદ્દો હોય છે.

લગભગ ૨૦૦૦ની સાલથી આપણે 'ક્લાઉડ કમ્પ્યૂટિંગ' શબ્દથી પરિચિત છીએ પરંતુ ક્લાઉડ કમ્પ્યૂટિંગની સંકલ્પના તો ઘણાં વર્ષોથી તજ્જ્ઞોના મનમાં હતી જ. જ્યારે હજી પર્સનલ કમ્પ્યૂટર(PC)નો ઉદય ન હતો થયો ત્યારે ૧૯૬૦ના અરસામાં કમ્પ્યૂટર કંપનીઓએ અન્ય કંપનીઓને કમ્પ્યૂટર (Mainframe Computer) ભાડે આપવાનું શરૂ કર્યું. તેને લીધે અન્ય કંપનીઓને મસમોટાં કમ્પ્યૂટર ખરીદવાની જરૂર ન રહી. ત્યારબાદ PCના આગમન સાથે કમ્પ્યૂટર સસ્તાં થયાં અને સૌને પોતાનું કમ્પ્યૂટર મળી ગયું. સાથે ડેટાની માત્રા પણ ખૂબ વધવા લાગી. કંપનીઓને વિશાળ ડેટા સંગ્રહ કરવાની એક મોટી જવાબદારી આવી ગઈ. બજારની માંગને ઓળખીને મોટા ડેટા સેન્ટર અસ્તિત્વમાં આવ્યાં જ્યાં કંપનીઓ પોતાના વિશાળ ડેટાનો સંગ્રહ કરવા લાગી. આમ કમ્પ્યૂટર વાપરવા માટે કંપનીઓ માટે સમયની ફાળવણીથી ડેટાસંગ્રહ માટે મેમરીની એટલે કે જગ્યાની ફાળવણી પર વાત આવી ગઈ. આમ એક અથવા તો બીજી રીતે કમ્પ્યૂટર શક્તિને ભાડે આપવાના વિચારનું સતત અમલીકરણ થતું રહ્યું. ૧૯૯૦ના દાયકાના અંતમાં યુટિલિટી કમ્પ્યૂટિંગ અને ગ્રિડ કમ્પ્યૂટિંગ સંકલ્પનાનો ઉદ્ભવ થયો જેમાં કમ્પ્યૂટર સેવાઓને વીજળીની પાવરગ્રિડ જેવી કલ્પવામાં આવી હતી. જે આંશિક રીતે અજમાવવામાં પણ આવી હતી. આ સંકલ્પના 'ક્લાઉડ કમ્પ્યૂટિંગ' તરીકે સાકાર થઈ. હવે જ્યારે સૉફ્ટવૅર પણ સર્વિસ તરીકે આવી ગયું છે ત્યારે 'ક્લાઉડ કમ્પ્યૂટિંગ' પોતાનો પગદંડો જમાવી રહ્યું છે. જ્યારે આપણે 'ક્લાઉડ કમ્પ્યૂટિંગ'ના વિકાસની - ઉદ્ભવની વાત કરી રહ્યા છીએ ત્યારે તેમાં બહુમૂલ્ય યોગદાન આપનાર અમેરિકન કમ્પ્યૂટર વિજ્ઞાની જેસીઆર લિક્લાઈડર (JCR Licklider : ૧૯૧૫ - ૧૯૯૦) ન ભુલાવા જોઈએ. તેઓ માનસશાસ્ત્રી તરીકે પણ જાણીતા હતા. તેઓ સમગ્ર વિશ્વના લોકોને અને ડેટાને એકમેક સાથે સાંકળી શકાય તેવા પ્રકલ્પ પર કામ કરી રહ્યા હતા. ૧૯૬૩માં તેમણે એક જ કમ્પ્યૂટરનો એક સાથે બે કે તેથી વધુ લોકો ઉપયોગ કરી શકે તેવા પ્રકલ્પ પર કામ શરૂ કર્યું. આ પ્રકલ્પનું બજેટ હતું ૨૦ લાખ ડૉલર ! તેમને વધુમાં વધુ ત્રણ લોકો જોડાઈ શકે તેવી સંરચના કરવામાં સફળતા મળી!

એક નાનકડી શરૂઆત પછી આજે લગભગ બધી જ આઈટી કંપનીઓ ક્લાઉડ કમ્પ્યૂટિંગનો આધાર લેવા માટે અને તેને અનુરૂપ સુવિધા ઊભી કરવા માટે ખાસ બજેટ ફાળવે છે. અત્યાર સુધી આત્મનિર્ભર રહેલી કંપનીઓ, પછી ભલે તે જાહેર ક્ષેત્રની હોય કે ખાનગી હોય, ક્લાઉડનો આધાર લેવા માટે ગતિમાન થઈ ગઈ છે - થઈ રહી છે. ટૅક્નૉલૉજી વિશ્લેષક ગાર્ટનરનું અનુમાન છે : ઍપ્લિકેશન સૉફ્ટવૅર, ઈન્ફ્રાસ્ટ્રક્ચર સૉફ્ટવૅર, બિઝનેસ પ્રોસેસ સર્વિસ અને સિસ્ટમ ઈન્ફ્રાસ્ટ્રક્ચર; ટૂંકમાં કમ્પ્યૂટર પ્રણાલીના મોટાભાગના ઘટકોના બજારખર્ચનો અડધોઅડધ હિસ્સો ૨૦૨૫ સુધીમાં ક્લાઉડને ભાગે જાય.

ક્લાઉડ કમ્પ્યૂટિંગના વિકાસની સાથે તેનાં કેટલાંક મૉડલ પણ અસ્તિત્વમાં આવ્યાં અથવા કહો કે ક્લાઉડની લાક્ષણિકતા પ્રમાણે ક્લાઉડને જુદી જુદી રીતે વિભાજિત કરવામાં આવ્યાં. તેનું આદર્શ મૉડલ છે 'સાર્વજનિક ક્લાઉડ'. તેમાં વપરાશકર્તા ઈન્ટરનેટના માધ્યમથી વિશાળ કમ્પ્યૂટિંગ શક્તિ સુધી પહોંચી શકે છે. આ મૉડલની ક્ષમતા ખૂબ જ મોટી હોય છે અને ઝડપથી પ્રક્રિયા પાર પાડી શકાય છે. ઓછી સંવેદનશીલ જરૂરિયાત માટે આ મૉડલ અપનાવવામાં આવે છે. આ મૉડલમાં વપરાશકારને - ઉપયોગકર્તા કંપનીને ડેટાનો સંગ્રહ ક્યાં અને કેવી રીતે થાય છે તેનો ખ્યાલ હોતો નથી જ્યારે 'ખાનગી ક્લાઉડ' મૉડલમાં કંપની પોતાની રીતે ડેટાનો સંગ્રહ કરે છે. આખું ક્લાઉડ જે તે કંપની દ્વારા સુરક્ષિત હોય છે. અલબત્ત, દરેક ખાનગી ક્લાઉડ પોતપોતાની રીતે ડેટાસંગ્રહ અને ઍપ્લિકેશન સંદર્ભે મર્યાદિત ક્ષમતા ધરાવતું હોય છે. જ્યારે બંને મૉડલના લાભ લેવાની જરૂર જણાય ત્યારે 'સંકર ક્લાઉડ' (Hybrid Cloud) મૉડલ અપનાવવું રહ્યું.

વ્યક્તિથી લઈને મોટાં ઉદ્યોગગૃહો સુધી સૌની ડેટાસંગ્રહની અને કમ્પ્યૂટિંગની ભૂખ સતત ઊઘડતી જાય છે. પોતાનાં જ સંસાધનો વડે આ ભૂખ ઠારવા માટે આત્મનિર્ભર બનવું મહદ્અંશે શક્ય નથી હોતું. આ સંજોગોમાં ક્લાઉડના શરણે ગયા વગર છૂટકો નથી. કમ્પ્યૂટર માંધાતાઓનું કહેવું છે કે ભવિષ્યમાં વિશ્વ પર 'ક્લાઉડ' છવાયેલું રહેશે.

**– ચિંતન ભટ્ટ**

---


## વિશ્વકોશની સામયિક-સૃષ્ટિ

◈ **'વિશ્વવિહાર'** - વિશ્વની ગતિવિધિ આલેખતું માસિક
(લવાજમ : વાર્ષિક ૧૫૦ રૂ., ત્રણ વર્ષનું ૪૦૦ રૂ.)

◈ **'ગુર્જરી ડાયજેસ્ટ'** - દેશ-વિદેશના સર્જકોનું અનોખું ત્રૈમાસિક
(ભારતમાં લવાજમ : ત્રણ વર્ષનું ૫૦૦ રૂ., પાંચ વર્ષનું ૭૫૦ રૂ., આજીવન ૨૦૦૦ રૂ., વિદેશમાં લવાજમ : ત્રણ વર્ષનું $ ૬૦, પાંચ વર્ષનું $ ૯૦, આજીવન $ ૩૦૦)

◈ **'વિશ્વા'** - સાહિત્ય, જ્ઞાન અને કળાનું સ્ત્રી સર્જકોની કૃતિઓ ધરાવતું
(લવાજમ : વાર્ષિક - ૨૦૦ રૂ.)

હાસ્ય

# કોઈક દિવસ એવો પણ ઊગે........

કોઈક દિવસ એવો પણ ઊગે કે આખો દિવસ હેરાન હેરાન થઈ જવાય. એ દિવસે ટોઈંગ-સ્ટેશનેથી સ્કૂટર છોડાવી હું ઘેર આવ્યો. પુત્રે આઠ હજાર રૂપિયા બૅન્કમાં જમા કરાવવા પાંચસો રૂપિયાવાળી સોળ નોટ મને આપેલી એટલે એ એના ખાતામાં જમા કરાવવા બૅન્કમાં ગયો. (નિવૃત્ત થયા પછી મારા ખાતામાં જમા કરાવવા જેટલા પૈસા ક્યારેય મારી પાસે હોતા નથી. અલબત્ત, આ જાહેરાત ફાળો ઉઘરાવવા માટે નથી !) પૈસા જમા કરાવવાની સ્લિપ ભરીને પછી કૅશ કાઉન્ટર પર ગયો ને પાંચસો રૂપિયાવાળી સોળ નોટો કૅશિયરને સુપરત કરી. કૅશિયર મહાશયે નોટો ધારીને જોઈ પછી મારી સામે જોયું ને સહેજ કરડાકીથી પૂછ્યું (અથવા કરડાકીથી પૂછ્યું એવું મને લાગ્યું), ‘આ નોટો ક્યાંથી લઈ આવ્યા?’ પાંચસો રૂપિયાવાળી બનાવટી નોટોનું કૌભાંડ ચાલે છે અને પાંચસો રૂપિયાવાળી સંખ્યાબંધ બનાવટી નોટોના કૌભાંડમાં હું સંડોવાયેલો છું એવી શંકા તો આ કૅશિયર-મિત્રને નથી ગઈ ને, એવી શંકા મને થઈ. બૅન્કની તદ્દન બાજુમાં જ પોલીસચોકી છે. કૅશિયરમિત્ર હમણાં જ વૉચમૅનને મોકલી પોલીસને બોલાવશે ને પાંચસો રૂપિયાની બનાવટી નોટો સાથે મને પોલીસને સોંપી દેશે, આવા અનેક વિચાર ઝડપથી મારા મનમાં આવી ગયા. કાયદાનું મને ઝાઝું જ્ઞાન નથી, પણ આવા ગુનાની માંડવાળ સ્થળ પર થઈ ન શકે એટલું હું સમજતો હતો. મેં કહ્યું, ‘મારા પુત્રે આ નોટો મને આપી છે. મારા પુત્રને એના મિત્રે આપી છે. એના મિત્રને કોણે આપી છે તે હું જાણતો નથી. પણ જાણવાનું શક્ય છે. મારા પુત્રના મિત્ર અહીં નજીકમાં જ રહે છે, એમને બોલાવી લાવું ?’

‘તમે છાપાં વાંચો છો કે નહિ ?’ વાંચવા-લખવા સિવાય જીવનમાં કોઈ કામ જેણે કર્યું નથી (અથવા કરી શકે તેમ નથી) એવા માણસને આવો પ્રશ્ન પૂછવાનું અનુચિત હતું. પરંતુ અત્યારે વાચન દ્વારા મેળવેલા જ્ઞાન કરતાં પાંચસોની નોટો વિશેનું કૅશિયરનું જ્ઞાન વધારે મહત્ત્વનું હતું.

મેં પૂછ્યું, ‘કેમ ?’

‘તમે ચિંતા ન કરશો. આ નોટો સાચી છે. પણ આ સિરીઝની નોટો પાછી ખેંચી લેવામાં આવી છે એટલે તમારે બદલવા માટે રિઝર્વ બૅન્કમાં જવું પડશે.’ કૅશિયરની વાતથી મારો જીવ હેઠો તો બેઠો છતાં મને થયું હવે આજે જ રિઝર્વ બૅન્કમાં જવું જોઈએ. આ બૅન્ક તો તદ્દન નજીક એટલે સ્કૂટર ઘેર જ રાખેલું. મને થયું, આજે ખોટા પાર્કિંગનો દંડ ભર્યો છે એટલે સ્કૂટર લઈને બહાર નથી જવું. આમ વિચારી હું રિક્ષામાં બેસીને રિઝર્વ બૅન્કે પહોંચ્યો. રિઝર્વ બૅન્કમાં જવાનો આ પહેલો જ પ્રસંગ હતો. પાંચસોની નોટો બદલવા માટે શો વિધિ કરવો પડે એ હું જાણતો નહોતો. ઈન્ક્વાયરીની બારીએ એક મહિલાકર્મચારી બેઠાં હતાં. મેં હિમ્મત કરીને એમને પૂછ્યું, ‘પાંચસો રૂપિયાની નોટો બદલવા માટે શું કરવાનું છે?’ ‘લાવો.’ કહી એમણે મારી પાસે નોટો માંગી. ફરી મારું હૃદય ધડકી ઊઠ્યું. ઈન્કવાયરીની બારી પાસે જ સિક્યુરિટી ગાર્ડની કેબિન

હતી. પાંચસોની નોટો સાથે આ મહિલાકર્મચારી મને સિક્યુરિટી ગાર્ડને સોંપી દેશે અને સિક્યુરિટી ગાર્ડ મને પોલીસને હવાલે કરી દેશે તો? હું એકદમ ગભરાઈ ગયો. પણ હવે નોટો સોંપ્યા વગર છૂટકો નહોતો. મેં એમને નોટો આપી. એ મહિલાએ નોટો લીધી અને જોવા માંડી. કોઈ પણ મહિલાને જોઈને ધડકવા માંડે એવું ને એટલું સંવેદનશીલ હૃદય હું ધરાવતો નથી, પણ આજે મારું હૃદય ખરે જ જોરજોરથી ધડકી રહ્યું હતું. એ મહિલાએ મને નોટો પાછી આપીને કહ્યું, ‘સામે મોટી લાઇન છે ને, એમાં જઈને ઊભા રહો. તમારો વારો આવશે એટલે બદલી આપશે.’ આ સાંભળી બનાવટી નોટોની હેરાફેરીના કેસમાં હું જાણે નિર્દોષ છૂટ્યો હોઉં એવી નિરાંત મેં અનુભવી. લાઇન ઘણી લાંબી હતી. લાઇનમાં ઊભા રહેવું એ ભારતના નાગરિકનો વિશિષ્ટ લહાવો છે. આ લહાવો મેં અનેક વાર લીધો છે ને હું માનું છું કે જીવનભર આ લહાવો મળતો રહેશે. પિસ્તાલીસેક મિનિટ આ લહાવો લીધા પછી મારો વારો આવ્યો. કાઉન્ટર પરના અધિકારીએ પૂછ્યું, ‘કાકા, નવી નોટો જોઈએ છે કે જૂની ચાલશે?’ આ પ્રશ્ન મને શા માટે પૂછવામાં આવ્યો હશે એ હું સમજી શક્યો નહીં. કદાચ મારા જેવા માટે નવી નોટો બગાડવાનું એમને વાજબી ન લાગ્યું હોય એમ પણ બને. મેં કહ્યું, ‘જૂની પણ ચાલશે, પણ સાચી હોવી જોઈએ.’ ઉર્દૂમાં એક શેર છે કે ‘જીને મેં અગર ચૈન નહીં પાયા તો મર જાયેંગે, મરને મેં અગર ચૈન નહીં પાયા તો કિધર જાયેંગે ?’ અન્ય સ્થાનેથી ખોટી નોટ મળે તો રિઝર્વ બૅન્કમાં બદલી લેવાય, પણ રિઝર્વ બૅન્કમાંથી ખોટી નોટ મળે તો ક્યાં જવાનું? આ મારી મૂંઝવણ હતી. કાઉન્ટર પરના અધિકારીએ હસીને કહ્યું, ‘રિઝર્વ બૅન્કમાં હંમેશાં સાચી નોટો જ હોય.’ આમ છતાં રિઝર્વ બૅન્ક અંગે પણ પૂર્ણ અજ્ઞાન ધરાવતા આ ભારતીય નાગરિકને ચિંતા ન થાય એ માટે એમણે નવી નોટો જ આપી.

પાંચસોની નવી નોટો મેં ખિસ્સામાં નાખી. ખિસ્સામાં રહેલી સ્કૂટરની ચાવીનો હાથને સ્પર્શ થયો. મેં ચાવી બહાર કાઢી. આજની ઘટનાઓને કારણે મારું મગજ કામ કરતું લગભગ બંધ થઈ ગયું હતું. સ્કૂટર હું ઘેર મૂકીને આવ્યો છું, એ વાત જ મનમાંથી નીકળી ગઈ. ‘જ્યાં ધુમાડો હોય ત્યાં અગ્નિ હોય’ એવું વર્ષો પહેલાં તર્કશાસ્ત્રના વિષયમાં ભણ્યો હતો. આ શાસ્ત્રજ્ઞાનના બળે કે ગમે તેમ પણ ખિસ્સામાં ચાવી હોય એટલે સ્કૂટર લાવ્યો જ હોઉં એમ મેં માની લીધું. પાર્કિંગ કરેલાં સ્કૂટરની પાસે હું ગયો. લાઇનમાં પહેલું જ કોઈનું કાળું સ્કૂટર પડ્યું હતું. મેં ચાવી નાખી ખોલવાનો પ્રયત્ન કર્યો. મારાથી મારા સ્કૂટરનું લૉક પણ જલદી ખૂલતું નથી. પણ અત્યારે આ પારકા સ્કૂટરનું લૉક તરત જ ખૂલી ગયું. રાણા પ્રતાપ ચેતક પર સવાર થતા હશે એનાથીય વધારે ઠાઠથી હું સ્કૂટર પર બેઠો. આઠ હજાર રૂપિયા બચી ગયા હતા એના કરતાં પણ પાંચસો રૂપિયાની ખોટી નોટોના પ્રૉબ્લેમમાંથી મુક્ત થયો હતો, એ કારણે મારા ઉત્સાહનો પાર નહોતો. મારી સોસાયટીના દરવાજામાં પ્રવેશ્યો. સામે જ પુત્ર મળ્યો. એ પણ કાઇનેટિક પર સવાર હતો. અમે બંને સામસામે ઊભા રહી ગયા, પુત્રે પૂછ્યું, ‘પપ્પા ! આ કોનું સ્કૂટર છે? આપણા સ્કૂટરની ચાવી તમે ક્યાં મૂકી છે? ક્યાંય જડી નહીં એટલે ડુપ્લિકેટ ચાવી શોધી. માંડ જડી. પણ પપ્પા! તમારે સ્કૂટરની જરૂર હતી તો ઘેર મૂકીને કેમ ગયા ? આ કોનું સ્કૂટર લઈ આવ્યા?’ હું એકદમ થીજી જ ગયો. સ્કૂટરમાલિક કેસ કરશે. પોલીસ સ્કૂટર શોધશે. હું સ્કૂટરમાલિકને શોધતો હોઈશ. આ

ડ્રામાનો અંત કેવો આવશે? હું સ્કૂટરમાલિકને શોધી કાઢું એ પહેલાં પોલીસ મને શોધી કાઢશે તો ? આપણા દેશમાં ગુનેગાર માટે પોતાની જાતને નિર્દોષ સાબિત કરવાનું સહેલું છે, પણ નિર્દોષ માટે પોતાની જાતને નિર્દોષ સાબિત કરવાનું અઘરું છે ! મારો જેલયોગ પ્રબળ છે એની મને ખાતરી થઈ ગઈ. આમ છતાં, મને સદ્‌બુદ્ધિ સૂઝી. આવું ક્યારેક જ બને છે. પણ આજે બન્યું. 'હમણાં આવીને વાત કરું છું.' હું એકદમ પાછો વળ્યો. રિઝર્વ બૅન્ક પાસે પહોંચ્યો. મને હતું કે લોકો ટોળે વળ્યા હશે ને સ્કૂટર ચોરાયાની ચર્ચાઓ ચાલતી હશે. સ્કૂટરમાલિક પોલીસચોકીએ ફરિયાદ દાખલ કરાવવા ગયા હશે. આવું બન્યું હશે તો મારે શું કરવું એની મને સૂઝ પડતી નહોતી. પણ આવું કશું બન્યું ન હતું. બધું જેમનું તેમ હતું. મેં બધાં સ્કૂટર સાથે અપહૃત સ્કૂટર પાર્ક કરી દીધું ને પાછું પણ જોયા વિના રિક્ષામાં બેસીને ઘેર આવતો રહ્યો. ઘેર આવીને જમવા બેઠો ત્યારે બપોરના ચાર વાગ્યા હતા !

હેરાનગતિઓની ઉપર્યુક્ત ઘટનાઓ બની તે જ રાત્રે મારે અને મારા એક મિત્રને મારા વતન સાવરકુંડલા જવાનું હતું. બે દિવસ પહેલાં ગાંધીગ્રામ રેલવેસ્ટેશને પિસ્તાલીસ મિનિટ સુધી ક્યૂમાં ઊભાં રહી, ગાંધીગ્રામથી મારા વતન સાવરકુંડલાની બે ટિકિટો બુક કરાવી હતી. જે ટ્રેનમાં રિઝર્વેશન કરાવ્યા વગર પણ સહેલાઈથી જઈ શકાતું હોય છે, એ ટ્રેનની બે ટિકિટો વેઈટિંગમાં મળી ! મારા સ્વભાવમાં કરકસર બિલકુલ નથી એવી ટીકા સહેજે કસર રાખ્યા વગર સૌ કરે છે, પણ એ દિવસે કરકસર કરવાનો મને એકદમ ઉત્સાહ થઈ આવ્યો. કાલુપુરથી સાવરકુંડલા - એવી બે ટિકિટ લેવાને બદલે મેં થોડા પૈસા બચાવવાની ભાવનાથી ગાંધીગ્રામથી સાવરકુંડલાની બે ટિકિટો લીધી.

ટ્રેન દ્વારા મેં અનેક વાર મુસાફરી કરી છે. આજથી ચાળીસ વરસ પહેલાં મને રેલવેખાતામાં નોકરી પણ મળી હતી. પરંતુ મેં એ નહોતી સ્વીકારી. હું રેલવેમાં ન જોડાઉં એ રેલવેના હિતમાં જ હતું, પણ રેલવેખાતું આ સમજી શક્યું નહિ. રેલવેખાતાને આમાં અપમાન લાગ્યું. મને નોટિસ આપી કે આ નોકરી નહિ સ્વીકારો તો ભવિષ્યમાં ક્યારેય રેલવેની કોઈ નોકરી માટે તમને લાયક ગણવામાં નહિ આવે. તોયે મેં એ નોકરી સ્વીકારી નહિ. પણ મને બીક લાગી કે હવે રેલવે તરફથી એવી નોટિસ મળશે કે આ પત્ર મળ્યા પછી પણ તમે આ નોકરી નહિ સ્વીકારો તો તમને કોઈ ભારતીય રેલવેમાં મુસાફરી કરવા દેવામાં નહિ આવે ! મને તો એવી બીક હતી કે રેલવેના ફૉર્મમાં ચોડેલા મારા ફોટાની સેંકડો કૉપી કઢાવી રેલવેતંત્ર સ્ટેશને સ્ટેશને ફોટાઓ ચોડશે ને એ ફોટાઓ નીચે લખવામાં આવશે કે આ ફોટાવાળા શખ્સ કોઈ પણ ટ્રેનમાં નજરે પડે તો રેલવેતંત્રને તુરત જાણ કરવી. મહાત્મા ગાંધીને દક્ષિણ આફ્રિકાના રેલવેસ્ટેશને ઉતારી મૂકવામાં આવ્યા હતા, એમનો સામાન પ્લૅટફૉર્મ પર ફેંકી દેવામાં આવ્યો હતો તેમ મને પણ કોઈ અજાણ્યા રેલવસ્ટેશને ઉતારી દેવામાં આવે છે; મારો સામાન પ્લૅટફૉર્મ પર ફેંકી દેવામાં આવે છે એવાં સપનાં મને ઘણા વખત સુધી આવેલાં. હજુ પણ કોઈ કોઈ વાર આવે છે. જોકે સપનાની વાત આગળ ન વધી નહિતર દેશને એક બીજા ગાંધી મળ્યા હોત! ખેર ! જેવાં દેશનાં નસીબ! પણ એ પછી રેલવેની મને એટલી બધી બીક લાગી ગઈ કે રેલવે ટાઈમટેબલ જોવાની કે રેલવેગાઈડ વાંચવાની પણ ક્યારેય હિંમત ચાલતી નથી એટલે રેલવેની મુસાફરી અંગેના નિયમોનું મને સહેજે જ્ઞાન નથી. આમ છતાં,

જે વિષયનું મને સહેજે જ્ઞાન નથી તે વિષય અંગે પણ અધિકારપૂર્વક વાત કરવામાં મને કશી મુશ્કેલી પડતી નથી. મેં મારા મિત્રને કહ્યું, 'જુઓ, આપણને વેઈટિંગમાં ટિકિટ મળી છે. ગ્રાંધીગ્રામ રેલવેસ્ટેશને ટ્રેન બહુ જ થોડો સમય થોભે છે એટલે આપણે કાલુપુર રેલવેસ્ટેશને જઈએ અને વહેલા જઈએ એટલે ટિકિટના કન્ફર્મેશન માટે અનુકૂળતા રહે.' રેલવેતંત્રના નિયમો મેં જ બનાવ્યા હોય એવી અધિકૃતતાથી મેં વાત કરી એટલે મિત્ર મારી સાથે તુરત સંમત થઈ ગયા. રાત્રે અગિયાર વાગ્યે ઊપડતી ટ્રેનમાં જવા માટે સાડાનવ વાગ્યે, ગાંધીગ્રામથી ટિકિટ લઈને જેટલા પૈસા બચાવ્યા હતા તેનાથી દોઢા પૈસા ખર્ચી, રિક્ષા દ્વારા અમે કાલુપુર રેલવેસ્ટેશને પહોંચ્યા. સ્ટેશને પહોંચી અમે કાર્યાલયમાં ગયા અને ત્યાં બેઠેલા અધિકારીને ટિકિટ આપી મેં પૂછ્યું, 'અમને વેઈટિંગની ટિકિટ મળી છે, એ કન્ફર્મ થઈ ગઈ કે નહિ તે જરા જોઈ આપશો?' રેલવેઅધિકારીએ ટિકિટ હાથમાં લીધી પછી થોડી વાર મારી સામે જોઈ રહ્યા અને પછી બોલ્યા, 'અમદાવાદથી અજાણ્યા છો?' મેં કહ્યું, 'હું છવ્વીસ વરસથી અમદાવાદમાં રહું છું. મારા આ મિત્ર અમદાવાદમાં સોળ વરસથી રહે છે. આમ તો મેં 'અમદાવાદનો ઈતિહાસ' નામની સો વરસ જૂની ચોપડી પણ વાંચી છે. જોકે એમાં વર્ણવેલી જગ્યાઓ રિક્ષાવાળાઓ કે રાહદારીઓની મદદ સિવાય શોધી શકતો નથી. જોકે કાલુપુર સ્ટેશને ઘણી વાર આવવાનું બને છે એટલે સ્ટેશન સહેલાઈથી જડી જાય છે. જોકે આજે તો અમે રિક્ષામાં આવ્યા.' મેં આત્મકથા કહેવા માંડી છે એ સમજાઈ જતાં, રેલવેઅધિકારી બોલ્યા, 'એ બધું તો ઠીક, પણ આ ટિકિટ તો ગ્રાંધીગ્રામથી છે ને તમે કાલુપુર સ્ટેશને આવ્યા છો.'

'અમે કાલુપુરથી ગાંધીગ્રામની ટિકિટો લઈ લઈશું. ઉત્તમ ભારતીય નાગરિક તરીકે અમે ટિકિટ લીધા વગર કદી મુસાફરી કરતા નથી.' મેં કહ્યું.

'કાલુપુરથી ગાંધીગ્રામની ટિકિટ કેટલી છે એ જાણો છો? મિનિમમ ચાર્જની દૃષ્ટિએ એક ટિકિટના ૧૦૪ રૂપિયા.'

'હેં ?' મારા ગળામાંથી એક ચીસ નીકળી ગઈ. મિત્ર પણ હેબતાઈ ગયા. દસ-પંદર રૂપિયા ટિકિટના હશે એવું અમે ધારતા હતા. રેલવેઅધિકારીએ કહ્યું, 'હજુ ઘણો સમય છે. તમે રિક્ષા કરીને ગાંધીગ્રામ પહોંચી જાવ. ટિકિટ કન્ફર્મ થઈ કે નહિ તેની ખબર તમને ત્યાં જ પડશે.'

દો બેચારે બિના સહારે રિક્ષામાં બેસીને ગાંધીગ્રામ રેલવેસ્ટેશને પહોંચ્યા. પચ્ચીસ રૂપિયા ભાડું થયું. સ્ટેશને પહોંચી ટિકિટ કન્ફર્મ થવા અંગે પૂછ્યું તો કહે, 'ટ્રેન આવે પછી જ ખબર પડશે.'

ટ્રેન આવી. કંડક્ટરસાહેબને પૂછ્યું તો કહે, 'જલદી જનરલ ડબ્બામાં બેસી જાવ. રિઝર્વેશન કોચમાં જગ્યા નથી.' અમે જનરલની અદાથી જનરલ ડબ્બામાં પ્રવેશ્યા. કેટલાંક પાટિયાં પર મુસાફરો સૂઈ રહ્યા હતા. કેટલાંક પાટિયાં પર લોકો બેઠા હતા. બેસવાની ક્યાંય જગ્યા નહોતી. રિઝર્વેશન કોચની ગાદી ઠંડી ન લાગે એટલા માટે સાથે લીધેલાં પાથરણાં નીચે પાથર્યાં. માથા નીચે મૂકવાનાં ઓશીકાં ખોળામાં રાખ્યાં ને આંખોમેં સારી રાત જાયેગી કરતાં કરતાં આખી રાત નીચે બેસી રહ્યા !

કોઈક દિવસ આવો પણ ઊગે છે !

**– રતિલાલ બોરીસાગર**

# મંગળ પર જ્વાળામુખી

દાયકાઓ સુધી ગ્રહો અંગેનો અભ્યાસ કરનારા વિજ્ઞાનીઓએ માની લીધું હતું કે મંગળ મૃતઃપ્રાય ગ્રહ છે.

ભૌગોલિક રીતે, પૃથ્વી કરતાં મંગળ નાનો ગ્રહ છે. તેની રચના થયા પછી તે પૃથ્વી કરતાં વધુ ઝડપથી ઠંડો થયો હશે. પરંતુ થોડા સમય માટે, તેની ભીતર જ્વાળામુખી સક્રિય હોવાનું જણાયું છે. જ્યારે સપાટી પરનું અને અંદરનું તાપમાન ધીમે ધીમે ઘટતું જાય છે, ત્યારે પણ ગ્રહની ક્ષમતા મોટા પાયે ભૌગોલિક પ્રવૃત્તિ જેમ કે વિશાળ જ્વાળામુખી અને ભૂકંપ ('માર્સ ક્વેક્સ') પેદા કરવાની ક્ષમતા ધરાવે છે.

વિજ્ઞાનીઓને એવું લાગતું હતું કે મંગળ મોટા ભાગે ઠરી ગયેલો ગ્રહ છે. જોકે નવી શોધો એ માન્યતાને ખોટી ઠેરવે છે. વિજ્ઞાનીઓએ શોધી કાઢ્યું છે કે મંગળ પરનો એક મોટો પ્રદેશ તાજેતરના ભૌગોલિક સમયમાં ભૂકંપ અને હળવી જ્વાળામુખીની ગતિવિધિઓનું જોખમ ધરાવે છે, જે દર્શાવે છે કે સપાટીની નીચે કંઈક ઊકળી રહ્યું છે. પણ શું ?

અનેક રોબૉટિક મંગળ મિશનના અભ્યાસ પછી, ગ્રહ-વિજ્ઞાનીઓની એક ટીમ આશ્ચર્યજનક નિષ્કર્ષ પર આવી કે ગ્રહના આવરણમાં નીચેથી ઉપર તરફ જતો ગરમ પદાર્થનો એક વિશાળ પ્રવાહ નીચેથી પોપડા પર દબાણ કરી રહ્યો છે, જેનાથી સપાટી પર તિરાડ પડી રહી છે અને દબાણ સર્જાઈ રહ્યું છે.

ભૌગોલિક સ્તર એટલે કે નિર્માણ થતાં પોપડામાં ઊથલપાથલ થાય તે મંગળના આંતરિક ભાગમાં પ્રમાણમાં નવું લક્ષણ હોઈ શકે છે, જે પૃથ્વી સાથે સામ્યતા ધરાવે છે. કદાચ તે મંગળ પરના અસ્તિત્વમાં અથવા વધુ ચોક્કસ રીતે, તેની અંદર રહેલા જીવન માટે પણ હોઈ શકે છે. આ સંશોધનકાર્ય ડિસેમ્બર, ૨૦૨૨માં 'નેચર ઍસ્ટ્રૉનૉમી'માં પ્રકાશિત થયું હતું.


મંગળ એક સમયે ભારે જ્વાળામુખી ગ્રહ હતો. તેની સપાટી હજુ પણ પ્રાચીન પર્વત-ટેકરાઓથી પથરાયેલી છે, જેને 'ઑલિમ્પસ મોન્સ' કહેવાય છે. આનો વ્યાસ ૬૦૦ કિલોમીટરથી વધુ છે. તે ગ્રહની સપાટીની સરેરાશ ઊંચાઈથી ૨૧ કિલોમીટર ઉપર છે, જે માઉન્ટ એવરેસ્ટ કરતાં લગભગ અઢી ગણો ઊંચો છે. મંગળ પરના અન્ય જ્વાળામુખી નાના હોવા છતાં, તે હજુ પણ વિશાળ છે અને તે બધા જૂના છે.

મંગળ ગ્રહ પર મોટા પાયે એક જ્વાળામુખી એક અબજ વર્ષ જૂનો હતો. તે પહેલાં શરૂ થયો હતો અને તે પછી લગભગ એક અબજ વર્ષો સુધી સક્રિય હતો. તે પછી જ્વાળામુખીની સક્રિયતા ઓછી થઈને લગભગ બંધ થઈ. 'ઑલિમ્પસ મોન્સ' વિસ્તાર પર કેટલાક લાવાના પ્રવાહ હોવાના પુરાવા મળ્યા છે. જે ફક્ત દસેક લાખ વર્ષો પહેલાંના છે, પરંતુ આ નાના પાયે થતી ઘટનાઓ હતી અને તેનાં ક્ષેત્ર કદાચ

છૂટાંછવાયાં હતાં. સંશોધન કહે છે કે ત્રણ કે તેથી વધુ અબજ વર્ષ પહેલાં મંગળ પર સક્રિય જ્વાળામુખી નિર્માણનો યુગ સમાપ્ત થઈ ગયો હતો. સરખામણી માટે પૃથ્વી પરના મોટા ભાગના સક્રિય જ્વાળામુખી દસ લાખ વર્ષથી ઓછા જૂના છે.

અત્યાર સુધી વિજ્ઞાનીઓ માનતા હતા કે લાલ ગ્રહ પર જ્વાળામુખીની વાર્તાનો અંત આવી ગયો છે. મંગળની પરિક્રમા કરતા અંતરિક્ષયાને ઉચ્ચગુણવત્તાવાળી છબીઓ લીધી છે જે દર્શાવે છે કે જ્વાળામુખીનું અંતિમ પ્રકરણ હજુ સુધી પૂરું થયું નથી.


'સર્બેરસ ફોસા' નામના પ્રદેશમાં સપાટી પર મોટી સંખ્યામાં તિરાડો છે (ફોસા એ ખાઈ અથવા તિરાડો માટે છે.) તેમાં ડઝનેક કિલોમીટર સુધી ચાલતી કાળી તિરાડો છે. ભ્રમણકક્ષામાંથી કરેલું અવલોકન અને માપન દર્શાવે છે કે તે સામગ્રી પાયરોક્સીન, જ્વાળામુખીના લાવાને લીધે ભૂગર્ભમાંથી બહાર આવેલાં સામાન્ય ખનિજોથી ભરેલી છે. ચોંકાવનારી વાત એ છે કે, આ પ્રવાહ હજારો વર્ષો પહેલાંનો જ હોઈ શકે છે. તે સપાટીની નીચે ચાલી રહેલી પ્રવૃત્તિ તરફ નિર્દેશ કરે છે.



**મંગળ પર 'સર્બેરસ ફોસા' પ્રણાલીએ બનાવેલ તિરાડોમાંની એક. તિરાડ ટેકરીઓ અને ખાડાઓમાં જોવા મળે છે. જે તેમની સાપેક્ષ યુવાનીનો સમય દર્શાવે છે. ક્રેડિટ : ESA/DLR/ FU બર્લિન (CC BY-SA 3.0 IGO)**

તદુપરાંત, ૨૦૧૮માં નાસાનું ઈનસાઈટ લૅન્ડર 'સર્બેરસ ફોસા'થી વિશાળ 'એલિસિયમ પ્લૅનેટીઆ' ક્ષેત્રમાં નીચે પહોંચ્યું હતું.

મંગળની સપાટીની નીચે શું ચાલી રહ્યું છે તે માપવામાં મદદ કરવા માટેના કાર્યના એક ભાગ તરીકે ઈનસાઈટ પાસે ભૂકંપ માપન માટે સિસ્મોમીટર હતું. જેણે તેના કાર્યનાં વર્ષો દરમિયાન સેંકડો નાના આંચકા (માર્સ ક્વેક્સ) તેમજ ઘણા કે જે ઊર્જા મધ્યમ થવા માટે યોગ્ય હોય તે શોધી કાઢ્યા હતા. તેમાંના મોટા ભાગના 'સર્બેરસ ફોસા'ની દિશામાંથી આવ્યા હોવાનું જણાય છે. ફરીથી આ પ્રવૃત્તિ સૂચવે છે કે મંગળ હજી સંપૂર્ણપણે મૃત નથી. તેના પોપડા નીચે ઊથલપાથલ થઈ રહી છે.



**નાસાનું ઈનસાઈટ લૅન્ડર**

નવા 'નેચર ઍસ્ટ્રૉનૉમી સ્ટડી'માં વિજ્ઞાનીઓ મંગળના આ ક્ષેત્ર પર ધ્યાન કેન્દ્રિત કરે છે. ગ્રહની મોટા ભાગની સપાટી દબાણનાં લક્ષણો દર્શાવે છે, જેમ કે કરચલીઓ, જે ગ્રહની સપાટી જ્યારે ઠંડી થાય છે ત્યારે સંકોચન થાય છે. એલિસિયમ પ્લૅનેટીઆ, તેનાથી વિપરીત, વિસ્તરણ માટેના પુરાવા તરીકે જોવામાં આવતી સપાટી પરનું ભૂસ્તર છે : જેમાં સ્થાનિક વિસ્તાર વિસ્તરે તેમ પોપડાનું ખેંચાણ થવાથી તિરાડો બની છે. એ તિરાડો જ્યાં છે ત્યાં આ વિસ્તરણને કારણે પોપડો અલગ થઈ ગયો છે. વિજ્ઞાનીઓ એ પણ નોંધે છે કે જે સપાટીને ઉપરની તરફ ધકેલવામાં આવે તે પહેલાં લાખો વર્ષો પહેલાં બનેલાં કોતર કેન્દ્રથી દૂર નમેલાં હોય છે. આ તારણો એકસાથે સૂચવે છે કે મંગળ પર જે કંઈ પણ ઉત્થાનનું કારણ બન્યું તે પ્રમાણમાં તાજેતરનું ગણી શકાય તેમ છે.

ગ્રહનો મુખ્ય કેન્દ્રીય ભાગ ગરમ હોય છે. તેની ઉપરનું આવરણ થોડું ઠંડું હોય છે.

મંગળનું મોટાભાગનું આવરણ આપણી પૃથ્વીના ઉપરના આવરણની જેમ ખરેખર નક્કર છે. ગરમીનું સંવહન ઘનમાં પણ પ્રસરણ કરી શકે છે. રેતી પ્રકારની સિલિકેટ સામગ્રી કે જે આવરણનો મોટો ભાગ બનાવે છે તે સ્ફટિકીય છે. ક્રિસ્ટલ પેટર્નમાં ખામીઓ અને વિરામ હોઈ શકે છે. ભૂગર્ભમાં ઊંડા દબાણ હેઠળ, નીચેની સામગ્રીમાંથી અણુઓ આ તિરાડોને ભરી શકે છે. આ રીતે કોરની નજીકની ગરમ સામગ્રી ધીમે ધીમે ઉપર આવી શકે છે, જે આવશ્યકપણે વહે છે. આ અત્યંત ધીમી પ્રક્રિયા છે. આપણી પૃથ્વીનું આવરણ વર્ષમાં થોડા સેન્ટિમીટરના ક્રમમાં સરેરાશ દરે વહે છે, લગભગ તમારી આંગળીઓના નખ જેટલી ઝડપથી વધે છે. પરિણામે જુદા જુદા ક્ષેત્રમાં ભૂકંપના આંચકા આવે છે.

સરેરાશ કરતાં વધુ ગરમ સ્થળ વધુ મજબૂત સંવહનનો વિસ્તાર બનાવી શકે છે જ્યાં સામગ્રી વધુ અવરોધિત સ્તંભમાં વહે છે. આ દસ અથવા કરોડો વર્ષોમાં સપાટી તરફ વધે છે. જ્યારે તે પોપડાની નજીક આવે છે, ત્યારે દબાણ ઘણું ઓછું હોય છે અને નક્કર સામગ્રી પ્રવાહી બની શકે છે. તે ફેલાય છે, મશરૂમ જેવી કૅપ બનાવે છે જે પોપડાની સામે દબાણ કરે છે, જેના કારણે 'એલિસિયમ પ્લૅનેટીઆ'માં જોવા મળેલ વિસ્તરણ લક્ષણનું કારણ બને છે.

મંગળના ગુરુત્વાકર્ષણક્ષેત્રનું માપન એ પણ દર્શાવે છે કે 'સર્બેરસ ફોસા' હેઠળ ક્ષેત્ર થોડું નબળું છે, જે પોપડા તરફ ધકેલાતા નીચલા-ઘનતાના આવરણ સાથે સુસંગત હશે. આ તારણો સૂચવે છે કે ઉત્થાન ખૂબ ઊંડા ભૂગર્ભમાંથી થતું હોવાનું જણાયું છે.

વિજ્ઞાનીઓએ મંગળના ભૂ-ભૌતિકશાસ્ત્રનું અનુકરણ કરવા માટે કમ્પ્યૂટર મૉડલનો ઉપયોગ કર્યો અને જાણવા મળ્યું કે ૯૫થી ૨૮૫ ડિગ્રી સેલ્સિયસથી વધુ ગરમ અને આસપાસના આવરણ કરતાં સહેજ ઓછો ગીચ પ્લુમ જો તે લગભગ સીધા જ તિરાડની નીચે કેન્દ્રિત હોય તો ગરબડ કરી શકે છે. તે થોડા હજાર કિલોમીટરમાં ફેલાયેલી કૅપ બનાવશે અને પોપડાને લગભગ એક કિલોમીટર ઉપર તરફ ધકેલશે, જે ફરીથી 'સર્બેરસ ફોસા' સાથે મેળ ખાશે. તે એક તાજેતરનું લક્ષણ પણ હશે. 'સર્બેરસ ફોસા'

અને તેની આસપાસની પ્રવૃત્તિ લગભગ ૩૫૦૦ લાખ વર્ષો પહેલાં શરૂ થઈ હોય તેવું લાગે છે.

જો પૂર્વધારણા સાચી સાબિત થાય, તો આ ખરેખર મહત્ત્વપૂર્ણ સમાચાર છે. મંગળના આંતરિક ભાગ વિશે તેમના ઘણા નિષ્કર્ષ દોરતી વખતે, વિજ્ઞાનીઓએ માની લીધું છે કે મંગળ પરનું બીજું સ્થાન જો તે ગરમ, ઓછી ઘનતાવાળી સામગ્રીના જબરદસ્ત જથ્થાની ઉપર હોય, તો તે રીતે આપણે ઇનસાઇટના ભૂકંપ માપનનું અર્થઘટન કરવું જોઈએ.

વિજ્ઞાનીઓએ વિચાર્યું છે કે મંગળની ઉપરની સપાટી હેઠળનું પાણી બરફનું સ્વરૂપ લે છે, પરંતુ ગરમ આવરણવાળા વિસ્તાર પાણીના જથ્થાને પ્રવાહી બનાવવા માટે પૂરતા પ્રમાણમાં ગરમ કરી શકે છે. પૃથ્વી પરના જીવનને પ્રવાહી પાણીની જરૂર છે, તેથી મંગળની સપાટીની નીચે જીવવિજ્ઞાનની શક્યતાને ધ્યાનમાં લેવી જરૂરી છે.

તે કિસ્સામાં મંગળ કદાચ ભૌગોલિક રીતે અથવા વધુ સામાન્ય જૈવિક અર્થમાં સંપૂર્ણપણે મૃત ન પણ હોય. વિજ્ઞાનીઓએ હમણાં જ લાલ ગ્રહના સાચા સ્વભાવને સમજવાનું શરૂ કર્યું છે. બાકી મંગળ હંમેશાં મંગળ કરે છે. તે ક્યારેય કોઈનું અહિત કરતો નથી.

**– કિશોર પંડ્યા**

## વાચકમિત્રોને ખાસ વિનંતી

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના સામયિક ‘વિશ્વવિહાર’માં આવતી પ્રમાણભૂત અને વૈવિધ્યસભર લેખસામગ્રીથી આપ પરિચિત છો. આપને ઘણા લાંબા સમયથી ‘વિશ્વવિહાર’ મોકલવામાં આવે છે. આપનું લવાજમ પૂરું થઈ ગયું હોય તોપણ કદાચ આપને ‘વિશ્વવિહાર’ મળતું હશે. સાહિત્ય, કલા, સંસ્કૃતિ, રાજકારણ, પ્રવાસ, રમત-ગમત, શિક્ષણ, ટૅક્નૉલૉજી, હાસ્યલેખ અને પ્રેરક ચરિત્રો જેવા વિષયોની કેટલીય સામગ્રી અમે ‘વિશ્વવિહાર’માં આપીએ છીએ. વળી ગુજરાતના આ સાંસ્કૃતિક કેન્દ્રમાં ચાલતી અને હવે પછી થનારી પ્રવૃત્તિઓની વિગતો પણ આ સામયિકમાંથી મળી રહે છે. આથી કદાચ તમારું લવાજમ પૂરું થઈ ગયું હોય તો વહેલી તકે લવાજમ મોકલી આપશો.

‘વિશ્વવિહાર’નું **વાર્ષિક લવાજમ ૧૫૦ રૂ.** અને **ત્રણ વર્ષનું લવાજમ ૪૦૦ રૂ.** છે. આપ મનીઑર્ડરથી અથવા **ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ**ના નામે ડ્રાફ્ટ કે ચેકથી મોકલી શકશો. આપના ઉમદા સહયોગની અમે આશા સેવીએ છીએ.

### બૅંકની વિગત

A/c. Name : Gujarat Vishvakosh Trust, A/c. No. : 09330100008481
Bank Name : Bank Of Baroda, Usmanpura Branch
IFS Code : BARB0USMANP (5th Character is Zero)

લવાજમ ભર્યા પછી સંસ્થાને ઈ-મેઇલ (vishvakoshad1@gmail.com), વૉટ્સએપ (9898042699) તથા પત્ર દ્વારા અચૂક જાણ કરવી.

# કનિકાની આકાશી સિદ્ધિ



કનિકા ટેકરીવાલ

આત્મવિશ્વાસ અને સાહસથી વ્યક્તિ સફળતાનાં શિખરો સર કરતી હોય છે. આવી જ કંઈક વાત છે કનિકા ટેકરીવાલની કે જેણે નાની ઉંમરે સાવ ઓછા પૈસાથી 'જેટસેટગો એવિયેશન પ્રાઈવેટ સર્વિસ લિમિટેડ' શરૂ કરી, જે ભારતની સૌથી મોટી પ્રાઈવેટ જેટ અને હેલિકૉપ્ટરની સેવા આપતી કંપની બની રહી છે.

ભોપાલના મારવાડી પરિવારમાં જન્મેલી કનિકાએ જોયું કે એની આસપાસ સહુ વ્યવસાય કરતા હતા. પરિવારમાં કોઈ નોકરી કરતું નહોતું. તેથી તેના મનમાં પણ પોતાનો સ્વતંત્ર વ્યવસાય હોય એવું સ્વપ્ન આકાર લેવા માંડ્યું. પિતા અનિલ ટેકરીવાલને મારુતિની ડીલરશિપ હતી અને ત્યારબાદ તેઓ રિયલ એસ્ટેટનો વ્યવસાય કરતા હતા. સુખી પરિવારની આ દીકરીને માત્ર સાત વર્ષની ઉંમરે ઊટીની લવડેલની લૉરેન્સ સ્કૂલમાં અભ્યાસ કરવા માટે મોકલી. કનિકા માટે આટલી નાની વયે બોર્ડિંગ સ્કૂલમાં રહેવાનું મુશ્કેલ હતું. ઘરે તો એક આયા એનું બધું ધ્યાન રાખતી હતી, પરંતુ અહીં એને ક્યારેક એકલું લાગતું હતું. કનિકા કહે છે કે બોર્ડિંગમાં રહેવું બિલકુલ ગમતું નહીં, પરંતુ માતા-પિતાએ એના સારા માટે જ આવું વિચાર્યું હશે એમ માનીને ત્યાં રહી. દસમા ધોરણ પછી ભોપાલ આવી અને ૨૦૦૫માં જવાહરલાલ નહેરુ સ્કૂલમાં કૉમર્સ વિષય સાથે બારમું ધોરણ પાસ કર્યું. ત્યારબાદ મુંબઈની બી. ડી. સોમાણી ઇન્સ્ટિટ્યૂટમાંથી વિઝ્યુઅલ કૉમ્યુનિકેશન ઍન્ડ ડિઝાઇનિંગમાં સ્નાતકની ડિગ્રી મેળવી.

કનિકા ટેકરીવાલ માટે મુંબઈમાં રહેવું પણ આસાન નહોતું, પરંતુ એ કહે છે કે હૉસ્ટેલના જીવનના અનુભવે એને બધી પરિસ્થિતિમાં રહેવાનું શીખવી દીધું હતું. મુંબઈએ એને જીવનમાં પહેલી વાર બસમાં મુસાફરી કરતાં શીખવ્યું. મુંબઈ રહેતી કનિકાને પિતાજી પૉકેટ મની મોકલતા હતા, તે થોડા દિવસમાં જ ખર્ચાઈ જતા, કારણ કે એના પિતા એવું વિચારતા હતા કે જો તેઓ વધુ પૈસા મોકલશે તો તેને દારૂ, ધૂમ્રપાન કે ડ્રગ્સની ટેવ પડી જશે. કનિકાએ પિતા પાસે વધુ પૈસા મંગાવવાને બદલે પાર્ટટાઈમ કામ શોધી લીધું. સત્તર વર્ષની ઉંમરે એણે ડિઝનીના એક કાર્યક્રમમાં ભાગ લીધો. તેને ઇનામ રૂપે ત્રણસો રૂપિયા અને કેટલીક ભેટ મળી હતી. તે ત્રણસો રૂપિયા એણે એની માતાને આપ્યા, કારણ કે ભેટમાં મળેલી વસ્તુઓ તેને વધુ પસંદ હતી.

કૉલેજકાળ દરમિયાન કનિકાએ ઇન્ડિયા બુલ્સના રિયલ એસ્ટેટ ડિવિઝનના ડિઝાઇનિંગ વિભાગમાં કામ કર્યું. ત્યારબાદ તેણે એવિયેશન વિભાગમાં કામ કર્યું. જ્યાં

એને એવિયેશન ઇન્ડસ્ટ્રીના ઘણા લોકોને મળવાની તક મળી. નાનપણથી પાઇલટ બનવાની ઇચ્છા ધરાવતી અને એવિયેશન ક્ષેત્રનું આકર્ષણ ધરાવતી કનિકાને અહીં કામ કરવામાં ખૂબ મજા આવી. એણે કંપની માટે ત્રણ વિમાન અને એક હેલિકૉપ્ટરની ખરીદી કરી, ત્યારે તેણે ઝીણામાં ઝીણી બાબતનું ધ્યાન રાખ્યું. આ અનુભવ એને ભવિષ્યમાં મદદરૂપ થયો. ૨૦૦૮માં સ્નાતકની ડિગ્રી મળ્યા પછી માતા-પિતાએ એને કહ્યું કે એની ઇચ્છા હોય તો આગળ વધુ અભ્યાસ કરે, નહિ તો લગ્ન કરી લે. ૨૦૦૯માં કોવેંટ્રી યુનિવર્સિટીમાં એમ.બી.એ. કરવા ઇંગ્લૅન્ડ ગઈ. ઇંગ્લૅન્ડમાં પણ તે અભ્યાસની સાથોસાથ ઍરોસ્પેસ રિસોર્સીસમાં નોકરી કરવા લાગી. અહીં એણે જોયું કે આંતરરાષ્ટ્રીય વિમાન કંપનીમાં કેવી રીતે કામ થાય છે. અત્યારે એવિયેશન ક્ષેત્રમાં તે જે કંઈ જાણે છે તેનું શ્રેય તે ઇંગ્લૅન્ડમાં મળેલા અનુભવને આપે છે. ઇંગ્લૅન્ડમાં જ એના મનમાં 'જેટસેટગો'નો જન્મ થયો હતો. એમ.બી.એ. કર્યા પછી કનિકા ઇંગ્લૅન્ડમાં રહેવા લાગી, પરંતુ ૨૦૧૧માં તેને કૅન્સર થતાં તે ૨૩ વર્ષની ઉંમરે ભારત પાછી આવી. કિમોથૅરપી અને રેડિયેશનની સારવાર પણ લેવી પડી, પરંતુ કુટુંબનો પ્રેમ, પ્રેરણાત્મક સાહિત્ય અને મક્કમ મનથી એણે કૅન્સરને માત કર્યું.

કનિકાએ ૨૦૧૨માં દિલ્હીમાં 'જેટસેટગો એવિયેશન સર્વિસીસ પ્રા. લિમિ.'ની સ્થાપના કરી. ભારતીય વિમાન ઉદ્યોગમાં પ્રવેશ કરનાર કનિકા પાસે એક પણ વિમાન નહોતું. એણે ૫૬૦૦ રૂપિયાના મૂડીરોકાણ સાથે શરૂઆત કરી હતી, જે આજે ૧૫૦ કરોડનું ટર્નઓવર ધરાવે છે. એણે ચાર્ટર્ડ ફ્લાઇટ બુક કરવા માટે એક એપ બનાવી. પહેલાં બે વર્ષ એણે ગ્રાહકો પાસેથી એડવાન્સમાં પૈસા લીધા અને સામે પક્ષે ક્રેડિટ લઈને બિઝનેસ ચલાવ્યો. એણે લોકોને એમની જરૂરિયાત પ્રમાણે વિમાન ખરીદવાની સલાહ આપી. આ રીતે એ કન્સલ્ટિંગ પણ કરતી. ૨૦૨૦-૨૧માં એક લાખ વ્યક્તિઓને મુસાફરી કરાવી અને છ હજાર ફ્લાઇટનું સંચાલન કર્યું. એના મોટા ભાગના ગ્રાહકોમાં નેતાઓ, ખ્યાતનામ વ્યક્તિઓ અને કૉર્પોરેટ જગતની વ્યક્તિઓ છે. છ સીટથી લઈને અઢાર સીટવાળાં ચાર્ટર વિમાનોનું સંચાલન કરે છે. સૌથી વધારે બુકિંગ મુંબઈ-દિલ્હી, મુંબઈ-બૅંગાલુરુ અને હૈદરાબાદ-દિલ્હી રૂટ પર હોય છે. મેડિકલ ઇમરજન્સી માટે પાંચ ટકા ફ્લાઇટનો ઉપયોગ થાય છે. ૨૦૨૦માં કંપનીએ આઠ વિમાન ખરીદ્યાં. આજે દિલ્હી, મુંબઈ, ચેન્નાઈ અને હૈદરાબાદના કાર્યાલયમાં આશરે બસો કર્મચારી કામ કરી રહ્યા છે. કર્મચારી સાથેનો એનો માનવીય વ્યવહાર કંપનીના વિકાસમાં મહત્ત્વનું યોગદાન આપે છે. એ કહે છે કે કંપનીના નફામાં કર્મચારીને આપણે ભાગીદાર નથી બનાવતા તો એમનો પગારકાપ કરવાનો પણ આપણને કોઈ અધિકાર નથી. 'જેટસેટગો' પોતાની ઇલેક્ટ્રિકલ વર્ટિકલ ટેક-ઑફ સર્વિસથી શહેરના ઍર ટ્રાફિકમાં મહત્ત્વની ભૂમિકા ભજવવાની આશા રાખે છે. ઑલા અને ઉબેરની જેમ તે મુંબઈમાં એક જગ્યાએથી બીજી જગ્યાએ હજારથી અઢી હજાર રૂપિયામાં શટલ સેવા શરૂ કરવા માગે છે. એના માટે એક હેલિકૉપ્ટરનો ઉપયોગ કરવામાં આવે. કનિકા ટેકરીવાલને વિશ્વાસ છે કે ભવિષ્યમાં ઍર ટૅક્સી સામાન્ય વાત બની જશે.

**– પ્રીતિ શાહ**

# માઇક્રોસોફ્ટ-ગૂગલની સ્પર્ધા વચ્ચે વૉટ્સએપમાં નવાં ફીચર્સ

દુનિયાની વસ્તી ૮૦૦ કરોડને પાર થઈ છે, એમાંથી ૩૫૦ કરોડ લોકો મૅસેજિંગ એપ્સનો ઉપયોગ કરે છે. વિશ્વમાં અસંખ્ય મૅસેજિંગ એપ્સ અસ્તિત્વમાં છે. હજુય નવી નવી મૅસેજિંગ એપ્સ બનીને પ્લેસ્ટોરમાં આવી રહી છે. એ બધામાં સૌથી પોપ્યુલર એપ છે - વૉટ્સએપ. ટૂંક સમયમાં વૉટ્સએપ યુઝર્સનો આંકડો ૨૫૦ કરોડને પાર પહોંચી જશે. આપણે ત્યાં વૉટ્સએપના દુનિયામાં સૌથી વધુ ૪૮ કરોડ યુઝર્સ છે અને દેશમાં વૉટ્સએપ યુઝર્સ ૧૯ ટકાના વાર્ષિક દરે વધી રહ્યા છે એ જોતાં આગામી વર્ષોમાં ભારતમાં જ ૧૦૦ કરોડ વૉટ્સએપ એકાઉન્ટ્સ હશે.

વૉટ્સએપ અને ફેસબુક બે એવી કૉમન એપ્સ છે જે બધા જ સ્માર્ટફોનમાં અનિવાર્ય થઈ પડી છે. વૉટ્સએપ અને ફેસબુક મૅસેન્જર બંને મળીને મૅસેજિંગ એપ્સના ૯૦ ટકા માર્કેટ પર કબજો ધરાવે છે. બાકીની બધી જ મૅસેજિંગ એપ્સના ભાગે ૧૦ ટકા હિસ્સો આવે છે. ચીનની વીચેટ ચીન સહિતના દેશોમાં વૉટ્સએપને સ્પર્ધા આપે છે. તો યુરોપ અને આફ્રિકન દેશોમાં વાઇબર વૉટ્સએપને ટક્કર આપે છે, છતાં વૉટ્સએપ પાસે ઍક્ટિવ યુઝર્સનો જે આંકડો છે એ બીજા કોઈ પ્લૅટફૉર્મ પાસે નથી.

વૉટ્સએપની આવી લોકપ્રિયતા પાછળનું મુખ્ય કારણ છે - અપડેટ્સ. યુઝર્સની ડિમાન્ડ, યુઝર્સની પસંદગી પ્રમાણે વૉટ્સએપ પ્લૅટફૉર્મમાં સતત પરિવર્તન કરે છે. વૉટ્સએપ હવે માત્ર ચૅટિંગ એપ નથી. એમાંથી વીડિયો કૉલ, વૉઇસ કૉલ ઉપરાંત પેમેન્ટ સુધ્ધાં થઈ શકે છે. માઇક્રોસૉફ્ટ અને ગૂગલ વચ્ચે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સમાં એકબીજાને પાછળ રાખવાની જે હોડ જામી છે તે ઐતિહાસિક સાબિત થવાની છે, પરંતુ તેની વચ્ચે ફેસબુક-વૉટ્સએપ-ઇન્સ્ટાગ્રામ જેવાં પ્લૅટફૉર્મ ધરાવતી કંપની મેટા આ બંનેને જુદી જ રીતે ટક્કર આપી રહી છે.

***

૧૮૦ દેશોમાં ફેલાવો ધરાવતા વૉટ્સએપના લેટેસ્ટ અપડેટમાં મહત્ત્વનાં નવાં ફીચર્સ ઉમેરાયાં છે. યુઝર્સ પોતાની વીડિયો કૉલ લિંક જનરેટ કરીને અન્ય યુઝર્સ સાથે કે ગ્રૂપમાં એ શેર કરી શકે છે. એ લિંકમાં જોડાવાનો વિકલ્પ મળે છે. એના પર ક્લિક કરો તો સીધા જે તે વ્યક્તિના વીડિયો કૉલમાં જોડાઈ શકાય છે. અત્યાર સુધી ગ્રૂપ કૉલ થઈ શકતો હતો કે એક એક યુઝર્સને જોડી શકાતા હતા. આ સવલતના કારણે વૉટ્સએપમાં વર્ચ્યુઅલ મિટિંગ કરવાનું, ગ્રૂપ કૉલ કરવાનું સરળ બન્યું છે. વળી, વીડિયો કૉલમાં યુઝર્સ જોડવાની મર્યાદા પણ વધી છે. એક કૉલમાં સાતને બદલે હવે ૩૨ લોકો વાતો કરી શકે છે.

એક ફીચર ગ્રૂપમાંથી લેફ્ટ થવાનું પણ છે. અત્યાર સુધી ગ્રૂપમાંથી કોઈ યુઝર લેફ્ટ



થાય તો તમામ ગ્રૂપ મેમ્બર્સને એનું નોટિફિકેશન દેખાતું હતું, હવે એવું નોટિફિકેશન માત્ર ગ્રૂપ એડમિનને જ દેખાય છે. ગ્રૂપ એડમિનને સરળ પડે એવું એક બીજું અપડેટ પણ અપાયું છે. ગ્રૂપમાં કોઈ યુઝરે વાંધાજનક પોસ્ટ મૂકી હોય અને એનાથી એડમિન સહમત ન હોય એવા કિસ્સામાં પોસ્ટ મૂકનાર ગ્રૂપ મેમ્બરને કહીને 'ડિલિટ ફોર એવરીવન' કરાવવું પડતું હતું, પરંતુ હવે એ કામ ખુદ એડમિન કરી શકે છે. એડમિનને કોઈ પોસ્ટ વાંધાજનક લાગે કે ગ્રૂપના હેતુ સાથે બંધબેસતી ન જણાય તો એ પોતે જ 'ડિલિટ ફોર એવરીવન' કરીને પોસ્ટને પ્લૅટફૉર્મ પરથી હટાવી શકે છે.

કૉન્ટેક્ટ લિસ્ટમાં સામેલ બધાના વૉટ્સએપ સ્ટેટ્સ આપણે નિયમિત જોતા હોઈએ છીએ. તેનો જવાબ પણ આપતા હોઈએ છીએ. વૉટ્સએપ સ્ટેટ્સને જવાબ આપવા માટેની પ્રક્રિયા થોડી અઘરી હતી, હવે એ સાવ સરળ બનાવી દેવાઈ છે. સ્ટેટ્સ જોતી વખતે પહેલાં બે ક્લિક કરીને રિઍક્ટ કરી શકાતું હતું, હવે માત્ર એક ક્લિકમાં રિઍક્ટ કરી શકાશે. સ્ટેટ્સ જોતા હોઈશું ત્યારે જ ઉપર આપણને રિઍક્શનના વિકલ્પ મળી જાય છે. વૉટ્સએપના નવા અપડેટમાં સ્ટેટ્સ હાઈડ કરવાની સુવિધા પણ મળશે. તમે એક સ્ટોરી થોડા કલાકો પહેલાં મૂકી હોય અને પછી એને ઑફલાઈન કરી દેવી હોય તો એ હવે શક્ય બનશે.

ફોટો શેરિંગમાં એક ક્રાંતિકારી ફેરફાર વૉટ્સએપે કર્યો છે. વૉટ્સએપમાં ફોટો શેર કરો તો એની પિક્સેલ ક્વૉલિટી ઘટી જાય છે. ડૉક્યુમેન્ટ ફૉર્મેટમાં ફોટો શેર કરવો પડતો હતો. નવા અપડેટમાં હાઈક્વૉલિટી ફોટો શેર કરવાની સુવિધા અપાઈ છે. વૉટ્સએપ સેટિંગ્સમાં જઈને સ્ટોરેજ ઍન્ડ ડેટા નામના ઑપ્શનમાં ફોટો અપલોડ ક્વૉલિટીમાંથી બેસ્ટ ક્વૉલિટી સિલેક્ટ કરીને હાઈપિક્સેલ ફોટો શેર કરી શકાશે.

નવા ઉમેરાયેલા ચર્ચાસ્પદ ફીચર્સમાં ચૅટ લૉક બહુ ઉપયોગી સાબિત થઈ રહ્યું છે. ઘણાં સમયથી વૉટ્સએપ યુઝર્સ ચૅટ લૉક કરી શકાય એવાં ફીચર્સની રાહમાં હતા. વૉટ્સએપને પાસવર્ડ કે ફિંગરપ્રિન્ટ પ્રૉટેક્ટિવ લૉકની સુવિધા તો વર્ષોથી આપવામાં આવી છે, પણ એનાથી આખી એપ લૉક થતી હતી. કોઈ ચોક્કસ નંબર કે ગ્રૂપને લૉક રાખી શકાય એવું ફીચર આપવાની માગણી થતી હતી. હવે એ ફીચર ઉમેરાઈ ગયું છે. એક વખત કોઈ યુઝરને લૉક કર્યા પછી એનું નોટિફિકેશન પણ આવશે નહીં કે ચૅટલૉગમાં પણ દેખાશે નહીં. એ યુઝરની ચૅટ ઓપન કરવા માટે ફિંગરપ્રિન્ટ પ્રૉટેક્ટિવ લૉકની જરૂર પડશે. વળી, એ ચૅટ એક અલગ ફોલ્ડરમાં સેવ થશે. એ ફોલ્ડરમાં જઈને જ એ જોઈ શકાશે.

એ જ રીતે જે ગ્રૂપ ચૅટને લૉક કરાશે તે પણ ચૅટલૉગમાં દેખાશે નહીં. તે પ્રિવ્યૂમાં દેખાશે નહીં અને તેનું નોટિફિકેશન પણ નહીં આવે. લૉક્ડ ચૅટ્સ ફોલ્ડરમાં જશે અને ત્યાંથી જ એની બધી જ ચૅટ જોઈ શકાશે. વૉટ્સએપે એક સત્તાવાર નિવેદનમાં આ ફીચરની ઉપયોગિતા બાબતે કહ્યું હતું કે આ એવા લોકો માટે છે, જેમને ક્યારેક ક્યારેક પોતાનો ફોન પરિવારને આપવો પડે છે અથવા દોસ્તોને આપવો પડે છે. એ વખતે તેમની પ્રાઇવસી જળવાશે. આપણે ત્યાં સામાન્ય રીતે ફોન પરિવારના સભ્યોને કે કોઈને ફોન કરવા કે બીજા કંઈ કામ માટે આપવામાં આવતો હોય છે. તે વખતે ઑફિસની કોઈ ચૅટ કે પછી બીજી કોઈ ચૅટ ગુપ્ત રહે તે માટે આ ફીચર ઉપયોગી થઈ પડશે. ભારતના યુઝર્સને ધ્યાનમાં રાખીને આ ફીચર ડિઝાઇન થયું છે.

ઇમેજ સ્ટિકરનું ફીચર પણ યુઝર્સને આકર્ષશે. અત્યાર સુધી વૉટ્સએપ જે સ્ટિકર આપે તેનો જ ઉપયોગ થતો હતો. વધી વધીને થર્ડ પાર્ટીના બનાવેલા સ્ટિકર્સ મોબાઈલમાં ઇન્સ્ટોલ કરેલાં રાખવાથી તે ચૅટમાં વાપરી શકાતાં હતાં. વાર-તહેવારે આવતાં સ્ટિકર્સ ફોરવર્ડ કરી શકાતાં હતાં, પરંતુ હવે ઇમેજમાંથી સ્ટિકર બનાવીને ચૅટમાં તેનો ઉપયોગ કરવાનો મજેદાર વિકલ્પ મળ્યો છે. કોઈ એક ફોટો પસંદ કરીને વૉટ્સએપમાં અપાયેલા ટૂલની મદદથી એનું બૅકગ્રાઉન્ડ બદલીને સ્ટિકર બનાવી શકાશે. આ વૉટ્સએપનું મોસ્ટ અવેઈટેડ ફીચર ગણાતું હતું.

તે ઉપરાંત વૉટ્સએપે એડમિન રિવ્યૂનો વિકલ્પ આપ્યો છે. ગ્રૂપના એડમિનને આ ટૂલથી પોસ્ટ રિવ્યૂ કરવાનું સરળ બનશે. ક્લાઉડના ઉપયોગ વગર એક ડિવાઇસમાંથી બીજા ડિવાઈસમાં વૉટ્સએપની જીઆઈએફ ફાઈલ્સ ટ્રાન્સફર કરી શકાશે. અજાણ્યા નંબરના કૉલ્સને મ્યૂટ કરવાની સવલત વૉટ્સએપમાં ઉમેરાઈ છે. ઑનલાઇન છેતરપિંડી રોકવા માટે આ ફીચર ઉમેર્યું છે. આવા નંબર મ્યૂટ કરવાથી બધા જ સેવ ન થયેલા કૉલ આપોઆપ બ્લૉક થઈ જશે.

સેન્ડ મૅસેજમાં એડિટની સુવિધા મળી છે. કોઈ મૅસેજ ગ્રૂપ કે પર્સનલ ચૅટમાં મોકલી દીધા પછી અત્યારે એ એડિટ થતો નથી, પરંતુ હવે ૧૫ મિનિટ સુધી મૅસેજ એડિટ થશે. ફેસબુકમાં પોસ્ટ એડિટની જે સુવિધા છે એવી જ આ સુવિધા વૉટ્સએપમાં ઉમેરી

છે. ફોરવર્ડ થઈ રહેલી ફાઈલની કૅપ્શન અત્યાર સુધી એડિટ કરી શકાતી ન હતી, પરંતુ હવે એમાં સુધારાવધારા કરીને ફાઈલની કૅપ્શન એડિટ થઈ શકશે. ફાઈલની ઉપર ફોરવર્ડનું ટૅગ રહેશે, પરંતુ કૅપ્શનમાં ફેરફાર થશે. ઘણી વખત કૅપ્શનમાં ભૂલ હોય છે અથવા તો માહિતીદોષ રહી જાય તો જે મુખ્ય યુઝરે એને ફેલાવી હોય એ જ ફૉર્મેટમાં તે કૅપ્શન રહે છે. આ નવા ફીચરથી માહિતીદોષ નિવારી શકાશે.

તે સિવાય વૉટ્સએપમાં મલ્ટિપલ ડિવાઇસ સપોર્ટની સુવિધા ઉમેરાઈ છે. એક જ મોબાઇલ નંબરથી બે અલગ અલગ મોબાઇલમાં લૉગઇન થઈ શકશે. મોબાઇલ વારંવાર બદલવાનો હોય કે મોબાઇલ બગડ્યો હોય ત્યારે આ સુવિધા બહુ ઉપયોગી સાબિત થાય છે. વૉટ્સએપે વૉઇસ સ્ટેટ્સથી લઈને સ્ટેટસમાં લિંક મૂકવાથી તેનું થમ્બ દેખાય એ રીતે પ્રિવ્યૂ મળે છે. તેના પર ક્લિક કરીને લિંકના મૂળ સ્રોત સુધી પહોંચી શકાય છે.

સોશિયલ મીડિયા પ્લૅટફૉર્મનો આખો ખેલ યુઝર્સને પોતાની તરફ વાળવા માટેનો છે. ઓપનએઆઈના ચૅટજીપીટી અને ગૂગલના પોતાના ચૅટબોટ બાર્ડને મેદાનમાં ઉતારીને સ્પર્ધા રસપ્રદ બનાવી છે. એ બંને દિગ્ગજ કંપનીઓની વચ્ચે મેટા વૉટ્સએપ અને ફેસબુકમાં સતત ફેરફાર કરીને યુઝર્સને આકર્ષે છે.

વેલ, સફળતાનું મહત્ત્વનું એક પરિબળ છે પરિવર્તન. વૉટ્સએપની અદ્વિતીય લોકપ્રિયતા પાછળ આ પાસું ઊડીને આંખે ચડે છે. સતત પરિવર્તન કરીને વૉટ્સએપ હરીફો પર તો ભારે પડે જ છે, યુઝર્સનું પણ પ્રિય પ્લૅટફૉર્મ થઈ પડ્યું છે. એઆઈની સ્પર્ધાના આ યુગમાં વૉટ્સએપ એઆઈ ટૂલની મદદથી વધુ ને વધુ યુઝર ફ્રૅન્ડલી બની રહ્યું છે.

**– હર્ષ મેસવાણિયા**

---

## શ્રી ધીરુબહેન પટેલ બાળ-કિશોર સાહિત્ય કેન્દ્ર

ગુજરાતી વિશ્વકોશ દ્વારા એક નવું આયોજન આકાર લઈ રહ્યું છે. દર રવિવારે સવારે ૧૦.૩૦ વાગ્યે વિશ્વકોશ દ્વારા આજનાં બાળકોને પસંદ પડે તેવું કથાવસ્તુ ધરાવતી વાર્તા પ્રસ્તુત થશે.

જુલાઈ મહિનામાં ૨ જુલાઈએ ‘ચમત્કારિક ઝાડ’, ૧૬ જુલાઈએ ‘રાજા માઇડ્સ અને એની લાલચ’, ૩૦ જુલાઈએ ‘રાજકુમાર ભરત’ વાર્તાનું લેખન અને રજૂઆત પ્રીતિ ચોકસી તથા ૯ જુલાઈએ ‘બોલતી ગુફા’, ૨૩ જુલાઈએ ‘ડિનર ઇન્વિટેશન’ વાર્તાનું લેખન અને રજૂઆત અલ્પા શાહ કરશે.

આ ઉપરાંત દર રવિવારે વાર્તા સાથે એક બાળગીત રજૂ કરવામાં આવશે.

દર રવિવારે ૧૦.૩૦ વાગ્યે આ બાળવાર્તાઓ યૂટ્યૂબ ચૅનલ : Gujarat Vishvakosh Trust, ફેસબુક એકાઉન્ટ : ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ અને વૉટ્સએપ નં. ૯૮૯૮૦૪૨૬૯૯ પરથી રજૂ થશે.

### ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ અને સંતુલનના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા

# અસ્મિતા વિશેષ સંવાદ



**(૧) શ્રી ગોવિંદભાઈ ધોળકિયા :** ગુજરાતના હીરાઉદ્યોગમાં અવ્વલ દરજ્જાનું નામ સ્થાપિત કરનાર શ્રી ગોવિંદભાઈ લાલજીભાઈ ધોળકિયા. યુવાની સુધી તો એને સૌ 'ગોવિંદો' કહેતા, પણ આજે સૌ તેમને પ્રેમભાવથી 'ગોવિંદકાકા' કહીને આદર આપે છે. શ્રી ગોવિંદકાકા સાથેનો અસ્મિતા વિશેષ સંવાદ આપણને કોઠાસૂઝથી કાર્ય અને વિચારને અમલમાં મૂકવાની ધગશ કેવાં પરિણામ લાવી શકે, તેની બારાક્ષરી શીખવે છે. ચાલો, તેઓની જીવનગાથાની એક ઝલક મેળવીએ.

અમારી કંપનીમાં એવું સૂત્ર છે કે, 'તમે વ્યસન છોડો અગર કંપની છોડો.' આખી કંપની નિર્વ્યસની છે. છ-સાત હજાર લોકો ! અમારા ભત્રીજા સવજીભાઈની કંપનીમાં પણ એમ. અમારા કાકા-ભત્રીજાની કંપનીઓમાં ૧૪ હજાર લોકો છે, એ સૌ નિર્વ્યસની છે. આવું તમને ક્યાંય જોવા નહીં મળે. વ્યસન એટલે દારૂની જ વાત નથી, પણ નો ટૉબેકો, નો સિગાર, કોઈ વસ્તુ નહીં. એ લોકોનું જીવન સુધર્યું પણ અમને શું ફાયદો ? પરિવારના સભ્ય સમાન એમને અમે નિર્વ્યસની કર્યા તો આજે અમારાં સંતાનો પણ નિર્વ્યસની થયાં. આ અમને થયેલો ફાયદો એટલે 'કર ભલા તો હોગા ભલા.' તેથી 'બહુ જન હિતાય' એમ કહીએ છીએ, ત્યારે સર્વજનમાં આપણો જણ પણ આવી જાય છે.

અમારા કુટુંબમાં એક યુનિક પદ્ધતિ એ પણ છે કે, અમારાં સંતાનોને અમે પાંચ કે છ અઠવાડિયાં માટે સાવ અજાણી જગ્યાએ મોકલીએ છીએ. એમને કૉલેજકાળ દરમિયાન બહાર જવાનું. એને કાંઈ ખબર ન હોય કે એણે ક્યાં જવાનું છે ? એની આખી એક સિસ્ટમ છે કે જે બે જણાને આ વખતે જવાબદારી સોંપી હોય તો એ બે જણા જ બધું કરે. પછી ત્રણ છોકરા જવાના હોય કે ચાર એ લોકોને સ્ટેશન પર જઈને જ કહેવામાં આવે કે તારે બૅંગાલુરુ જવાનું છે, તારે ચંડીગઢ જવાનું છે. પછી એને સેકન્ડ ક્લાસની ટિકિટ આપવામાં આવે. એને પાંચ હજાર રૂપિયા સાથે આપ્યા હોય અને કહેવાયું હોય કે, તું પાછો આવે ત્યારે કેટલા વધારીને આવે છે, એ જોવાનું. એ બધા જ છોકરાઓની નોખી નોખી સ્ટોરી બને છે. ઉદાહરણ તરીકે, એ એમ કહે

કે, અમે મેકડોનાલ્ડની સામે જ હોઈએ અને ઈચ્છા હોય પણ તે ખવાય તો નહીં, કારણ કે એટલા બધા પૈસા તો હોય નહીં, કોઈ કમાણી નહીં, પૈસા ખૂટી જાય એટલે સમજાય કે આપણે રોજ મેકડોનાલ્ડમાં જતા, ત્યારે તો સહેલું લાગતું હોય, પણ અમને ખબર પડી કે મેક્ડોનાલ્ડની કિંમત તો જેની પાસે પૈસા નથી એને હોય છે, અમને નથી. એટલે હવે એમને સમજાય કે આ જે ખાવા માટે જઈએ છીએ એ કેટલું મહત્ત્વનું છે.

હમણાં જ ત્રણ મહિના પહેલાં છોકરાઓ જઈને આવ્યા. જે છોકરાઓ જાય, એનું વજન ચાર, પાંચ કે છ કિલો ઓછું થાય. ચાર અઠવાડિયામાં આખી દુનિયામાં પોતાનું કોઈ જ ન મળે. એને એ જ શહેરમાં જવાનું કે જ્યાં પહેલાં કોઈ દિવસ ગયો ન હોય. એને કોઈ સ્માર્ટ ફોન નહીં આપવાનો કે એ કશું શોધી શકે. એટલે તો એને નોકિયાનો સાદો ફોન આપેલો હોય. પંદર વર્ષ પહેલાં મારો દીકરો ગયો, ત્યારે તો મોબાઇલ જ ન હતો. એસટીડીમાંથી રોજ એક ફોન કરવાનો.. હવે તો પોતાના ફોન હોય એટલે કરી દે. એટલે રોજ એના મૅસેજ લઈ લેવાના, પણ એ બે જ જણાને ખબર હોય. ઘરમાં બધાને એમ કહેવામાં આવ્યું હોય કે, એ આફ્રિકા ગયા છે કે સ્કીઈંગ કરવા હિમાલય ગયા છે. જ્યાં મોબાઈલ ન લાગે એવી રીતે આખો પ્લાન બનાવે. હવે તો ફૅમિલીમાં પણ બધાને સમજાવા લાગ્યું છે કે આ કેમ ફોન નથી લાગતો, પણ એ લોકોને ક્યાંક મોકલેલા છે. છોકરાઓ આવ્યા હોય ત્યારે ભેટી ભેટીને જે બધા રડારડ કરે ને હરખનાં આંસુ આવે એ આખી દુનિયા જ જુદી છે.

પણ જીવનનો ક્યાંય ન મળે એવો અનુભવ પ્રાપ્ત થાય. હા, એ અમારા ચાર છોકરાઓ ગયા હતા એણે એમ કીધું કે, આ એક મહિનાનો અનુભવ અને ચાર વર્ષની કૉલેજને તમે સરખાવો તો એક મહિનાનો જે અનુભવ છે એમાં શીખવાનું વધારે મળ્યું. ચાર વર્ષની કૉલેજ આટલું ન શિખવાડે. એટલે વિનોબાજી કહેતા કે, 'જીવન પોતે જ અભ્યાસક્રમ છે.' અમને વિચાર આવ્યો કે આપણે છોકરાઓને કહીએ છીએ કે, અમે આમ કરતા. અમે સાપ આવ્યો કે વીંછી કરડ્યો એવી બધી વાત કરીએ તો આપણી વાત સાંભળવામાં કોઈને રસ નથી. આ જુવાનિયાઓ કહે કે, એ ભાઈ, એ તમારો ત્યારનો સમય હતો, અત્યારે શું હવે એમ થાય ? એટલે એને આ પ્રૅક્ટિકલ નૉલેજ આપો એટલે એ જાતે જ સમજે. આપણે કંઈ કહેવું જ નથી કે જીવન કેવું હોય. એટલે અમે આ રસ્તો શોધ્યો કે આ અસલ દુનિયા એ લોકો જોઈ લે કે લોકો કેવી રીતે જીવે છે.



**(૨) શ્રી નાથાલાલ ગોહિલ :** એક નાના ગામની કૉલેજમાં ચાર દસક સુધી શ્રી નાથાલાલ ગોહિલ ગુજરાતીના એકનિષ્ઠ અધ્યાપક રહ્યા. પણ ના, કેવળ અધ્યાપકગીરી જ કરે તો એ શ્રી ગોહિલસાહેબ શાના ? ભાષાભવનના પ્રાધ્યાપકને

શરમાવે એવું સંશોધન અને તે પણ પાયાનું.. સંતસાહિત્ય અંગે ગજબનાક ઊંડાણ ધરાવતું અધ્યયનકાર્ય અને તેને પરિણામે અનેક ગ્રંથોથી સભર ભંડાર સાહિત્યજગતને અર્પણ કર્યો. ધીર ગંભીર અને છતાં પ્રબળ કથનના ધણી શ્રી નાથાલાલ ગોહિલ સાથેના આત્મીય સંવાદની થોડી વાતો :

પરિવારમાં ન કલ્પી શકાય એવી એક સત્ય ઘટના બની. મારા પિતા પ્રજ્ઞાચક્ષુ. ભગત તરીકે ઓળખાય. ભજનના સારા ગાયક. મા વીરબાઈમા મજૂરી કરે અને આંગણે આવેલા અભ્યાગતોને જમાડીને જમે. આવો પરિવાર મારા ઘરની ઓળખ. સાધુ- સંતોનો દુવારો. કોઈ પણ આવે એ ત્યાં ઊતરે, રોકાય અને સત્સંગ-ભજન ચાલે, પણ આ પરિવારની એક મોટી કુદરતી અવકૃપા કે મારાં ભાઈબહેન જ્યારે ઉંમરલાયક થાય અને જ્યારે એની સગાઈ કે લગ્નની વાત કરે એવા જ દિવસોમાં એકાએક એનું મૃત્યુ થાય. એમાં ગળે ન ઊતરે એવી સત્ય ઘટના એ છે કે એવાં મારાં દસ ભાઈબહેન આ પ્રમાણે મૃત્યુ પામ્યાં. હવે એ વખતે મારો જન્મ થયો ત્યારે એમ કહેવામાં આવ્યું કે આ દીકરાને જીવતો રાખવો હોય તો જન્મસમયે જ એનું નાક વીંધવામાં આવે. એ વખતે જે સુયાણીઓ હતી એ કહે કે માત્ર આપણે વીંધવું નથી, પણ એને ખોટ રાખીએ એટલે આખો છેદ અહીંયાં જન્મતાંની સાથે કરી નાખ્યો અને એ જ સમયે મારું નામ 'નાથો' રાખવામાં આવ્યું. એટલે જન્મ પ્રમાણે કુંડળી પ્રમાણેનું મારું આ નામ નથી. આ ખોટું નામ એ નાથો. અને એ કહે કે નાથો રાખીએ તો એ જીવી જશે. એટલે આ ઘટના મારા નામ સાથે જોડાયેલી છે.

મારી ઉંમર દોઢેક વર્ષ હશે. અને એ વખતે અતિ તાવ અને ઝાડા શરૂ થયા. મારું ગામ શિલોદર. આમ તો ગિરનારની છાયામાં જ ગણાય. તાલુકો કેશોદ, જિલ્લો જૂનાગઢ. હું ત્યાં બીમાર પડ્યો, ત્યારે દવાખાનું કે બીજી કોઈ સુવિધાઓ હતી જ નહીં. અને તેમ છતાં દેશી ઉપચારો કર્યા પણ ઝાડા કાબૂમાં ન આવ્યા અને ન તાવ પણ ઊતર્યો. અમારું એક આસ્થાનું સ્થળ એટલે મારાં માતાપિતાના એ જૂનાગઢમાં સવરા મંડપની જગ્યા. અહીં નાથજોગી સેવનાથ મહારાજ અને એમના પટ્ટશિષ્ય વૈદ્યનાથ મહારાજ રહે છે. હવે વૈદ્યનાથ મહારાજ એટલે પૂર્વકાળના મારા મામા. મને લઈને જૂનાગઢ રેલવેસ્ટેશનથી ચાલતા ચાલતા જ્યારે સેવનાથ બાપુની જગ્યામાં જતા હતા, ત્યાં મારી મા બોલી, 'ભગત આ નાથો ટાઢોબોર થઈ ગયો છે.' એટલે મારા બાપે કહ્યું, 'ગાંડી થઈ ગઈ છે ? ગિરનારની છાયામાં આવી ગયા છીએ આપણે. રખવાળો ગિરનાર છે, અલખધણી છે, શું કામ ઉપાધિ કરે છે ? કંઈ નહીં થાય, તું તારે હાલવા માંડ હાલવા.' સેવનાથ બાપુની જગ્યામાં ગયા. ગુરુ-શિષ્યની પણ કેટલીક પરંપરાઓ હોય છે. ગુરુ ઊંચી ગાદીએ બેઠા હોય, નીચે ધૂણું હોય અને એનાથી થોડે દૂર એના પટ્ટશિષ્ય બેઠા હોય. હવે જ્યાં સુધી નાથજોગી ગુરુ મહારાજ બેઠા હોય ત્યાં સુધી પટ્ટશિષ્ય એક પણ શબ્દ બોલતો નથી, માત્ર ગુરુના ઇશારા પર ચાલતો હોય, પણ એનાથી બોલાય નહીં. એની બહેનનો દીકરો આ હાલતમાં આવ્યો છે, એટલે સહેજે મામા તરીકે ભલે નાથજોગી થઈ ગયો છે, પણ પ્રત્યાઘાત આપણને નથી આપતા. એટલે મને લઈને

ધૂણાની બાજુમાં મૂકી દીધો અને મારી મા એટલું જ કહે કે, 'જોગી, તારે શરણે મૂકવા આવી છું. દસ સંતાનને મેં આ ધરતી ઉપર ભંડારી દીધાં છે. હવે અગિયારમો ભંડારવાની મારી હામ નથી. એને બદલે એ નાથજોગીડો થશે ને તોપણ મને ગમશે. અમે તેને અહીંયાં મૂકવા માટે આવ્યાં છીએ. સવરા મંડપને ખોળે આવ્યાં છીએ. એ ભલે જોગીડો થાય, પણ એમ તો કહેવાશે ને મારો દીકરો જોગીડો જીવે છે. હવે તમે જે કરવું હોય એ કરો, બચાવો તો પણ તમારો.' વૈદ્યનાથ મહારાજ તો કશું બોલતા નથી, સેવનાથ મહારાજ છે એટલે. સેવનાથ મહારાજ ઊભા થયા. ધૂણે ગયા. ધૂણામાંથી ભભૂત લીધી, મને ચાંદલો કર્યો, થોડી વાર થઈ હું ચાલતો ચાલતો એટલામાં ફરવા મંડ્યો. ચાલતો ચાલતો જ્યાં ગુરુ મહારાજની ગાદી છે ત્યાં જઈને ગાદી પકડીને ઊંચો થવા ગયો ને તેઓ બોલ્યા : આવી ગયો જોગી ? અહીંયાં બેસવા માટે આવી ગયો ? એટલે એ પછીથી તો નાથજોગીની કૃપાએ જે સુયાણીએ નામ નાથો આપ્યું હતું, પણ નાથ તો અહીંયાંથી શરૂ થયું એમ પણ બની શકે.

**– સંકલન ભદ્રાયુ વછરાજાની**

---

**(૩૧મા પાનાનું ચાલુ)**

ભોજન વિરામ બાદ 'કવિ કાન્ત અને સત્યશોધ, આત્મખોજ' નામની બેઠકમાં કવિ કાન્તને પશ્ચિમના સ્વીડનબોર્ગિયનોએ આપેલો આવકાર વિષય પર એલિનોર શ્નાર દ્વારા વર્ચ્યુઅલ રજૂઆત કરવામાં આવી. ત્યારબાદ 'કવિ કાન્તનું સત્યમંથન' જેવા વિષય પર ડૉ. કુમારપાળ દેસાઈએ વિદ્વત્તાપૂર્ણ વ્યાખ્યાન આપ્યું.

ચોથી બેઠકનો વિષય હતો : 'કવિ કાન્તનું નાટ્ય'. જેનું સંચાલન શ્રી દીપ્તિ જોશીએ કર્યું હતું. 'રોમન સ્વરાજ : લોકશાસનની દિશા સૂચવતું નાટક' એ વિશે શ્રી સતીશ વ્યાસે એમની લાક્ષણિક શૈલીમાં સરસ વાત કરી. શ્રી દીપ્તિ જોશીએ નાટકના કેટલાક અંશોનું વાચિકમ પણ પ્રસ્તુત કરી બેઠકને વધુ રસપ્રદ બનાવી.

પાંચમી અને અંતિમ બેઠકનો વિષય હતો : 'કવિ કાન્તના પત્રો'. જેનું સંચાલન શ્રી કિશોર વ્યાસે કર્યું હતું. 'કાન્તના પત્રો : પારદર્શી વ્યક્તિમત્તાની ઝાંખી' વિશે શ્રી દર્શના ધોળકિયાએ વાત કરી. તો શ્રી નિવ્યા પટેલે 'કાન્તમાલા : સર્જકતાની આંતરકથા' વિશે સરસ વાતો કરી.

ચાના વિરામ બાદ સમાપન બેઠકમાં ભવિષ્યના કાર્યક્રમોની રૂપરેખા અને આભારદર્શન કરવામાં આવ્યું. સમાપન ગીત તરીકે આશિત દેસાઈના સ્વરાંકનમાં અસીમ અને માધવી મહેતા દ્વારા કેમ્પ સ્ટુડિયો કેલિફૉર્નિયા ખાતે ધ્વનિમુદ્રિત થયેલ ગીત 'ઓ હિંદ દેવભૂમિ સંતાન સૌ તમારાં' પ્રસ્તુત કરવામાં આવ્યું. આ સમાપન બાદ કલાવીથિકામાં યોજાયેલ કવિ કાન્તનાં પુસ્તકો વિશેનું પ્રદર્શન ઉપસ્થિત સૌ મિત્રોએ નિહાળ્યું. આમ સવારે ૧૦થી સાંજના ૬ વાગ્યા સુધી લગભગ ૧૫૦થી વધુ વિદ્યાર્થીઓ, અધ્યાપકો, કાન્તના પરિવારજનો અને અન્ય ભાવકોએ ઉપસ્થિત રહી આ રાષ્ટ્રીય પરિસંવાદને મન ભરીને માણ્યો અને આખો દિવસ સૌ કાન્તમય બની રહ્યા.

# કવિ કાન્ત પુણ્યશતાબ્દી પરિસંવાદ

'કવિ કાન્ત પૂર્વાલાપ ફાઉન્ડેશન' અને 'ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ'નાં સંયુક્ત ઉપક્રમે કવિ કાન્ત પુણ્યશતાબ્દી (૧૯૨૩-૨૦૨૩) રાષ્ટ્રીય પરિસંવાદ તારીખ ૧૮ જૂન, ૨૦૨૩ ને રવિવારે સવારે ૧૦થી સાંજે ૬ વાગ્યા સુધી વિશ્વકોશના હીરાલાલ ભગવતી સભાગૃહમાં યોજાઈ ગયો.

કવિ શ્રી ચંદ્રકાન્ત શેઠરચિત અને અમર ભટ્ટના અવાજમાં ધ્વનિમુદ્રિત વિશ્વકોશ ગાનથી પરિસંવાદનો પ્રારંભ થયો. ઉદ્‌ઘાટન બેઠકમાં કવિ કાન્તના પરિવારજનો સર્વ શ્રી મુકુલભાઈ પંડ્યા, શ્રી હેમાબહેન પંડ્યા, શ્રી ચિત્રાબહેન ભટ્ટ અને સમગ્ર પરિસંવાદના સ્વપ્નદ્રષ્ટા જાણીતા ફિલ્મસમીક્ષક શ્રી અમૃત ગંગર દ્વારા દીપપ્રાગટ્ય કરવામાં આવ્યું. દીપપ્રાગટ્ય બાદ કવિ કાન્તની ખૂબ જ જાણીતી રચના 'આજ મહારાજ જલ પર ઉદય જોઈને ચંદ્રનો' આશિત દેસાઈના સ્વરાંકનમાં આલાપ દેસાઈ અને વૃંદના અવાજમાં ધ્વનિમુદ્રિત થયેલ ગીત સાંભળીને સૌ 'સાગર અને શશિ' કાવ્યના ભાવમાં ડૂબ્યાં. શ્રી અમૃત ગંગરે સમગ્ર પરિસંવાદની એક આછી રૂપરેખા રજૂ કરી. કવિ કાન્તના પરિવાર વતી શ્રી ચિત્રાબહેન ભટ્ટે ઉપસ્થિત સૌનું ઉમળકાભેર સ્વાગત કર્યું. કવિ શ્રી કાન્ત સાથેનાં સંસ્મરણોને યાદ કરીને ચિત્રાબહેન ખૂબ જ ભાવવિભોર બની ગયેલાં. કવિ શ્રી કાન્તના પરિવારજનો દ્વારા ખાસ ઉપસ્થિત વરિષ્ઠ અને મૂર્ધન્ય સાહિત્યકારો સર્વ શ્રી રાજેન્દ્ર શુક્લ, શ્રી શિરીષ પંચાલ, શ્રી રમણ સોની, શ્રી હરિકૃષ્ણ પાઠક, શ્રી પ્રકાશ ન. શાહ, શ્રી મણિલાલ હ. પટેલ, શ્રી ડંકેશ ઓઝા વગેરેનું કવિ શ્રી કાન્તનું કાયમી સ્મરણ રહે એવી સરસ મજાની સ્મૃતિભેટ દ્વારા સ્વાગત-સન્માન કરવામાં આવ્યું.

પ્રથમ બેઠકનો વિષય હતો : 'કવિ કાન્તનું પદ્ય'. જેના સંચાલક હતા પ્રા. નિયતિ અંતાણી. નિયતિબહેને કવિ કાન્તની શિખરિણી છંદમાં રચાયેલી કેટલીક પંક્તિઓનું મધુર કંઠે ગાન કર્યું. 'કવિ કાન્તનાં ખંડકાવ્યોના નાયકો - આજના સંદર્ભમાં' એ વિશે શ્રી બારીન મહેતાએ ક્રમશઃ સહદેવ, પાંડુ, ચક્રવાક અને કચ વિશે વિગતે વાત કરી. 'કાન્તનાં કાવ્યોમાં દશ્યઆયોજન' વિશે શ્રી રાજેશ પંડ્યાએ પણ એક એક ખંડકાવ્યનાં વિવિધ દશ્યો વિશે એવી સરસ વાત કરી કે જાણે આખું દશ્ય આપણી નજર સામે ભજવાતું હોય.

બીજી બેઠકનો વિષય હતો : 'કવિ કાન્તનું ગદ્ય'. જેના સંચાલક હતા પ્રા. અજય રાવલ. અજય રાવલે આરંભમાં કાન્તના ગદ્ય વિશે યથોચિત ભૂમિકા રચી આપી. 'કાન્તનું ગદ્ય : એક મનોરમ ધારા' વિશે શ્રી પ્રફુલ્લ રાવલ દ્વારા થોડી વિગતે વાત કરવામાં આવી. તો પ્રા. મીનલ દવેએ 'કવિતાના તેજે વિસરાઈ ગયેલું કાન્તનું ગદ્ય' એ વિષય પર બિલકુલ મૌલિક વિચારો રજૂ કરી સૌને મંત્રમુગ્ધ કરી દીધા.

(અનુસંધાન ૩૦મા પાને)

## આગામી કાર્યક્રમો

## શ્રી ભદ્રંકર વિદ્યાદીપક જ્ઞાન-વિજ્ઞાન વ્યાખ્યાનશ્રેણી

### ( ઑનલાઇન કાર્યક્રમો )

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ અને સંતુલન દ્વારા યોજાયેલા 'અસ્મિતા વિશેષ સંવાદ'માં શ્રી ભદ્રાયુ વછરાજાનીનો નીચેની વ્યક્તિઓ સાથે સંવાદ.

◈ **૧૨ જુલાઈ, ૨૦૨૩, બુધવાર : સાંજના ૫-૩૦**
શ્રી ગોવિંદભાઈ ધોળકિયા - ગોવિંદકાકા (સમયમર્યાદા : ૨ કલાક)

◈ **૨૬ જુલાઈ, ૨૦૨૩, બુધવાર : સાંજના ૫-૩૦**
શ્રી નાથાલાલ ગોહિલ (સમયમર્યાદા : ૧ કલાક, ૪૨ મિનિટ)

### ( ઑફલાઇન કાર્યક્રમો )

### માતૃભાષા સંવર્ધન કેન્દ્ર

◈ **૮ જુલાઈ, ૨૦૨૩, શનિવાર : સાંજના ૫-૦૦**
વિષય : ભાષાશુદ્ધિ વર્ગ – અનુસ્વાર વિશે
વક્તા : શ્રી રતિલાલ બોરીસાગર

◈ **૨૨ જુલાઈ, ૨૦૨૩, શનિવાર : સાંજના ૫-૦૦**
વિષય : શબ્દો ભેગા-છુટ્ટા લખવા વિશે
વક્તા : શ્રી રતિલાલ બોરીસાગર

## કેળવણીકાર શ્રી નંદુભાઈ દામોદર શુક્લ

## સંસ્કાર, શિક્ષણ અને સાહિત્ય વ્યાખ્યાનશ્રેણી

◈ **૧૫ જુલાઈ, ૨૦૨૩, શનિવાર : સાંજના ૫-૩૦**

વિષય : આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ તથા ભવિષ્યની દિશાઓ (આ વ્યાખ્યાનમાં ચૅટજીપીટી તેમજ તે પ્રકારના વિવિધ ટૂલ્સ વિશે તેમજ તેની એકેડેમિક, સંશોધન તથા વ્યવસાય પર પડનારી અસરો અંગે વક્તવ્ય)

વક્તા : શ્રી સંજય ચૌધરી

## ચિત્રકાર શ્રી પ્રફુલ્લ દવે કલાપ્રતિભા એવોર્ડ

◈ **૨૫ જુલાઈ, ૨૦૨૩, મંગળવાર : સાંજના ૫-૩૦**

જાણીતા કલાકાર શ્રી અમિત અંબાલાલને ચિત્રકાર શ્રી પ્રફુલ્લ દવે કલાપ્રતિભા ઍવૉર્ડ વિશ્વખ્યાત પર્યાવરણવિદ શ્રી કાર્તિકેય સારાભાઈ એનાયત કરશે અને શ્રી જયદેવ શુક્લ શ્રી અમિત અંબાલાલની તથા શ્રી નિસર્ગ આહિર શ્રી પ્રફુલ્લ દવેની ચિત્રકલાનો પરિચય કરાવશે.

## રસિકલાલ છો. પરીખ વ્યાખ્યાનમાળા તથા થિયેટર મીડિયા સેન્ટર

**◈ ૨૯ જુલાઈ, ૨૦૨૩, શનિવાર : સાંજના ૫-૩૦**

શ્રી હસમુખ બારાડીલિખિત દીર્ઘ ગુજરાતી નાટક 'પેઇનફુલી કનેક્ટેડ' નામનું જનક રાવલ દિગ્દર્શિત ગુજરાતી નાટક. (સમયમર્યાદા સવા કલાક)

જેમાં 'ન સાથે જીવી શકતા, ન સાથે રહી શકતા છતાં સતત એકબીજાનો સહવાસ ઝંખતા મન્મથ અને ધરાનો પ્રેમ અને સાથે જ તેમની વ્યક્તિગત પ્રતિબદ્ધતામાંથી જન્મતા વૈચારિક અભિગમનો સંઘર્ષ' દર્શાવતું માત્ર બે કલાકારના અભિનયથી ઓપતું નાટક. કલાકાર : અંકિત પટેલ અને ઉર્વશી શ્રીમાળી.

### વિશ્વા

**ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ અંતર્ગત થતી 'વિશ્વા'ની પ્રવૃત્તિ**

**◈ ૧૨ જુલાઈ, ૨૦૨૩, બુધવાર : સાંજના ૫-૦૦**

શ્રી અર્ચન ત્રિવેદી અને શ્રીમતી જિગીષા ત્રિવેદી દ્વારા 'ભાઈસા'બ! આ વહુએ તો ભારે કરી' શીર્ષક હેઠળ હાસ્યસભર કાર્યક્રમ.

### આસ્વાદ

**◈ ૧૬ જુલાઈ, ૨૦૨૩, રવિવાર : સવારના ૧૦-૦૦**

વિશ્વકોશભવનના શેઠ હઠીસિંહ કેસરીસિંહ સભાગૃહમાં 'રુમી ઍન્ડ મી' (ઈરાની સૂફી કવિ અને મિસ્ટિક રુમીના શબ્દો સાથે ચિત્રાત્મક જુગલબંદી) વિશે યુવા વિઝ્યુઅલ આર્ટિસ્ટ શ્રી મિનલ શાહનું વક્તવ્ય.

---




**વિશ્વકોશમાં ચાલતી વિશ્વાની પ્રવૃત્તિનો એક નૂતન ઉન્મેષ એટલે 'વિશ્વા' ત્રૈમાસિકનો પ્રારંભ. ધીરુબહેન પટેલની ભાવનાને સાકાર કરતું સ્ત્રીસર્જકોની સર્જકતાને પોંખવા માટેનું સાહિત્ય, જ્ઞાન અને કળાનું સામયિક 'વિશ્વા'ના વિમોચન સમયે (ડાબી બાજુથી) ગિરિમા ઘારેખાન, શ્રદ્ધા ત્રિવેદી, પ્રીતિ શાહ, નિર્મળાબહેન રાવળ, લતા હિરાણી, પ્રીતિબહેન શેઠ**

## વિશ્વકોશમાં ચાલતી 'વિશ્વા' પ્રવૃત્તિ દ્વારા આયોજિત

## એકાંકીલેખન સ્પર્ધા

૧. આ સ્પર્ધામાં માત્ર લેખિકાઓ જ ભાગ લઈ શકશે. સ્પર્ધક માટે કોઈ વયમર્યાદા નથી.

૨. એકાંકી મંચનક્ષમ અર્થાત્ ભજવી શકાય એવું હોવું જરૂરી. એકાંકી આશરે ઓછામાં ઓછી ૨૫ અને વધુમાં વધુ ૩૫ મિનિટમાં રજૂ થઈ શકે તેવું હોવું જોઈએ. (તે માટે સ્થળ, પાત્રો, તેમના ભાવ, દૃશ્યબદલ વગેરે સૂચનો સામેલ હોય તો ઉત્તમ).

૩. એકાંકી મૌલિક, અપ્રકાશિત અને ગુજરાતી ભાષામાં જ લખાયેલું હોવું જોઈએ. અન્ય ભાષાઓમાંથી રૂપાંતરિત કે અનુવાદિત કૃતિઓને સ્પર્ધામાં ગણવામાં નહીં આવે.

૪. એક સ્પર્ધક એક જ કૃતિ મોકલી શકશે.

૫. PDF મોકલો તોપણ વર્ડ ફાઈલ મોકલવી જરૂરી છે.

૬. એકાંકીના મથાળે અને ઈમેલના વિષયમાં, બંને જગાએ 'વિશ્વા એકાંકીસ્પર્ધા ૨૦૨૩' જરૂર લખવું.

૭. એકાંકી સાથે આટલી વિગત મોકલવી જરૂરી છે. ૧. સર્જકનો પાંચ લીટીમાં પરિચય ૨. સરનામું, મોબાઈલ નંબર, email ૩. આ એકાંકી મૌલિક અને અપ્રકાશિત છે, અગાઉ ક્યાંય પ્રકાશિત થયેલ નથી કે પ્રકાશન માટે મોકલાયેલ નથી એવો અલગ કાગળમાં પત્ર, સર્જકની સહી સાથે. (પત્રનો ફોટો મોકલવો)

૮. તમામ એકાંકીઓના પ્રથમ પ્રકાશનનો અધિકાર 'વિશ્વા'નો રહેશે.

૯. મળેલી કૃતિઓના મૂલ્યાંકન માટે નિષ્ણાત નિર્ણાયકોની નિમણૂક કરવામાં આવશે અને એમનો નિર્ણય આખરી ગણાશે.

૧૦. એકાંકી આ ઈમેલ (vishvavishvakosh@gmail.com) પર વર્ડ ફાઈલમાં સુઘડ રીતે ટાઈપ કરીને મોકલવી ઇચ્છનીય છે અથવા નીચેના સરનામે સુવાચ્ય અક્ષરોમાં મોકલી શકાશે.

૧૧. એકાંકી મોકલવાની છેલ્લી તારીખ - ૧ સપ્ટેમ્બર, ૨૦૨૩

૧૨. એકાંકી સ્પર્ધાના ઇનામની વિગતો -

| પ્રથમ | દ્વિતીય | તૃતીય | પ્રોત્સાહક |
|---|---|---|---|
| ૧૧,૦૦૦/- | ૭,૦૦૦/- | ૫,૦૦૦/- | ૨,૦૦૦/- |

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ

રમેશ પાર્કની બાજુમાં, વિશ્વકોશ માર્ગ, ઉસ્માનપુરા, અમદાવાદ ૩૮૦૦૧૩



સત્યજિત રાય દિગ્દર્શિત
'રબીન્દ્રનાથ ટાગોર'
ફિલ્મકૃતિ વિશે અમૃત
ગંગર, ટાગોર વિશે
શૈલેશ પારેખ,
રવીન્દ્ર સંગીત -
શેફાલી નયન, સુજ્ઞાબહેન



અમૃત ગંગર



શૈલેશ પારેખ

'ભાષાશુદ્ધિ વર્ગ - અનુસ્વાર' વિશે
રતિલાલ બોરીસાગર





'જગન્નાથાયન' નૃત્યની પ્રસ્તુતિ.
પરિકલ્પના અને કોરિયોગ્રાફી :
ગુરુ ડૉ. સુપ્રભા મિશ્રા.
કલાકારો : સુચરિતા, પ્રિયંકા,
ડૉ. શીખા, અનુરાધા
અને ઈન્દ્રાણી.

દર માસની ૫મી તારીખે પ્રકાશિત ISSN 2321 6999

RNI No. GUJGUJ/1998/4459. postal Regd. No. GAMC 1375 2021-23 issued by SSP Ahmedabad-9. Valid Upto 31-12-2023. License to post without Prepayment No. PMG/NG/111/2021-2023. valid upto 31/12/2023. Posted at Ahd PSO On 5th every month.






**પદ્મભૂષણ**
**ડૉ. ધીરુભાઈ ઠાકર**
**સવ્યસાચી સારસ્વત**
**ઍવૉર્ડ સ્વીકારતાં**
**શ્રી સરિતા જોશી**



આ ક્યૂ આર કોડ સ્કેન કરવાથી 'વિશ્વવિહાર'માં અગાઉ પ્રકાશિત થયેલા લેખો સાંભળી શકાશે અને જે તે મહિનાનું 'વિશ્વવિહાર' દર મહિનાની ૧૫મી તારીખે શ્રાવ્ય (ઓડિયો) રૂપે ઉપલબ્ધ થશે.